# BODY પર DISEASEનો ATTACK

Solution: Prescribed Pills

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
Vol. 14 | Issue 2 | Mumbai | June - 2023| Price Rs. 25/- | Pages : 28




Memoriesનો Attack



સુખવૃદ્ધિનો Attack



આક્ષેપનો Attack




Attachmentનો Attack



વિપત્તિનો Attack



Emotionsનો Attack



## SOUL પર ATTACK
# SOLUTION ?

પ્રભુ મહાવીરના,
પરમ ગુરુદેવના શ્રીમુખેથી
પ્રગટ થયેલાં Solutions,
વાંચીએ જૈનક્રાંતિના આ અંકમાં !!



# રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
# શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી
## લુક એન લર્ન જૈન જ્ઞાનધામ દ્વારા નવું પારમાર્થિક અભિયાન

# ગ્રામ્ય જ્ઞાનશાળા




પરમ ગુરુદેવ પ્રેરિત **લુક એન લર્ન જૈન જ્ઞાનધામમાં 2007થી લાખો જૈન-અજૈન** બાળકો સંસ્કારિત થયા છે અને અત્યારે પણ **દેશ-વિદેશના 100+ centers** માં હજારો બાળકો જૈનધર્મ અને moral valuesથી સંસ્કારિત થઈ રહ્યાં છે અને હવે પરમ ગુરુદેવની પ્રેરણા અને સદ્‌ભાવનાથી **પછાત ગામડાઓ અને પછાત શાળાના બાળકોને પણ ધર્મ અને સંસ્કારથી સંસ્કારિત કરવા 'ગ્રામ્ય જ્ઞાનશાળા' એક નવું અભિયાન શરૂ થયું છે.**

**લુક એન લર્નના દીદીઓએ બાળકોને Positive Thinking, Anger Management, Right Way of Eating, Caring, Sharing, વિનય-વિવેક સાથે પાણી waste ન કરવું, ખોટું ન બોલવું, સ્વચ્છતા જાળવવી જેવું શિક્ષણ આપી રહ્યાં છે. બાળકોમાં interest આવે એ ભાવ સાથે Art n Craft, Live and Interactive Sessions, Kids Special Curated Skits, Flash cards, Moral Boosting Activities, Innovative Games, Meditation જેવી વિવિધ અને રસપ્રદ activities કરાવવામાં આવે છે.**

**મહારાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ, હૈદરાબાદ, કોલકાતા જેવા ક્ષેત્રોમાં 'સંસ્કાર શિક્ષણ'નું પરમાર્થી સત્કાર્ય ચાલી રહ્યું છે.**



**આપ પણ આપના ક્ષેત્રના પછાત બાળકોને સંસ્કારિત કરવાના ભાવ રાખતા હો તો,**

**સંપર્ક: +91 86574 84478**



# દરેક દશ્ય...
# એક દષ્ટિબોધ !

Lifeનું પ્રત્યેક step એક પાઠશાળા બની શકે છે, જો તમારી પાસે દરેક દશ્યોમાંથી દષ્ટિબોધ લઈ શકવાની સમજ અને ક્ષમતા હોય.

પરમ ગુરુદેવ ગિરનાર - પારસધામની site પર સેવકો અને engineer સાથે discuss કરી રહ્યાં હતાં. તે સમયે ત્યાંથી એક old અને ભારે શરીરવાળો બળદ  પસાર થયો. બધાએ બળદને જોયો અને પાછા પોતાના workમાં busy થઈ ગયાં. પરમ ગુરુદેવે પણ બળદને જોયો અને ત્યાં ઉપસ્થિત પરમ મહાસતીજીઓને દષ્ટિબોધ આપતાં ફરમાવ્યું, **'જુઓ ! એના ચહેરા પર કેટલું pain છે ! એની સાથે કોણ છે જે એની care કરે અને તેને હૂંફ આપે ! કોણ છે એનું ધ્યાન રાખવાવાળું ? આપણે પણ pastમાં આવા અનેક ભવો કર્યા છે અને આવા અનેક પ્રકારના pain સહન કર્યા છે, આજે આપણને એવું શ્રેષ્ઠ સંયમ જીવન મળ્યું છે, જેમાં આપણે painને સામેથી welcome કરીને, આપણા કર્મોને ક્ષય કરી શકીએ છીએ.'**

એકમાત્ર મનુષ્ય પાસે જ એવી ક્ષમતા હોય છે, જે માત્ર કર્મોને આવકારી, સહન કરી અને સાધના દ્વારા ક્ષય કરી શકે છે. માટે જ આપણે આ દુર્લભ મનુષ્યભવની અને શ્રેષ્ઠ એવા સંયમની એક ક્ષણ પણ વ્યર્થ જવા ન દેવી જોઈએ.

ત્યાર બાદ, કરુણાનિધાન પરમ ગુરુદેવે આસપાસના ભાવિકોને કહ્યું કે, **'એના કાનમાં Infection થઈ ગયું છે, એની treatment કરાવીએ અને એના માટે પીવાના પાણીની વ્યવસ્થા થાય તો શાતા રહેશે.'**

ભગવાન મહાવીરે કહ્યું છે, દરેક દશ્યમાંથી દષ્ટિબોધ લઈ સ્વયંની life અને સ્વયંના આત્મા સાથે connect કરી, એના સત્ય સુધી પહોંચવાનો પુરુષાર્થ કરવો જોઈએ. પરમ ગુરુદેવે એમના મનમાં એક library બનાવી છે. જ્યારે જ્યારે પણ તેઓ કોઈ દુ:ખી, પીડિત જીવને જુએ, ત્યારે તેને libraryમાં save કરી લે અને જ્યારે એમને painની પરિસ્થિતિ આવે ત્યારે libraryના એ જીવોને યાદ કરે, અને મનને કહે, **'હે જીવ ! સમભાવ રાખી લે, આ દુ:ખ, આ વેદના, તે જીવો જેવી તો નથી જ અને આ દુ:ખ, આ વેદના પણ જવાના જ છે !'**

આપણે પણ દરેક દશ્યમાંથી દષ્ટિબોધ પ્રાપ્ત કરવાની દષ્ટિને કેળવીએ !

**20th April 2023**
**Girnar**

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th June 2023, YEAR: 22, ISSUE - 267
PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 25

## સિદ્ધાંતથી સિદ્ધિની સમીપ...

આપણા અનાદિ અનંતકાળના
સંસાર પરિભ્રમણનું કારણ છે-આપણા કર્મો !
અને સકલ કર્મોનો ક્ષય-એ છે સિદ્ધ અવસ્થા !
**'કર્મોનો ક્ષય ત્યારે જ કરી શકીએ,**
**જ્યારે કર્મ અને કર્મ સિદ્ધાંતને સમજીએ !'**

**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવે 2017માં**
પાવનધામ- કાંદિવલીના ચાતુર્માસના પ્રારંભમાં જ આપણા **આત્માના હિત, શ્રેય** અને **કલ્યાણ** માટે **કર્મ સિદ્ધાંતની** ગહન સમજને **સરળ** અને **સહજ** બનાવીને, આત્માના **અવગુણો** અને **કષાયોરૂપી રોગો માટે** નાની-નાની **PILLS** રૂપમાં સમજાવી છે, એને જો આપણે આપણી **daily lifeમાં પ્રયોગ**માં લાવવાનો થોડોક પણ **પુરુષાર્થ** કરીએ તો પણ આપણે **અનંતા પાપોથી બચી શકીએ** અને pastના **અનંતા કર્મોનો ક્ષય કરી, સિદ્ધિની સમીપ** પહોંચી શકીએ.

**કર્મ સિદ્ધાંતની PILLSને mindના pocketમાં રાખવા,**
**અને સમયે-સમયે ઉપયોગમાં લાવવા...**

જૈન-ક્રાંતિના આ કલ્યાણકારી અંકને-વાંચવાનું...
જો.. જો.. ભૂલી ન જતાં !!!

: FORMER EDITOR :
SHREE RASIKBHAI PAREKH

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: EDITOR :
SHREE PRATIMABEN BADANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

Printed at
Arihant Printing Press
Ghatkopar (E), Mumbai - 400 077
and
Published at
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai - 400 099

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

**આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો સંપર્ક : +91-9324808181**

**TO KNOW MORE ABOUT PUJYA GURUDEV CONTACT ON: +91-9860905678**

# કર્મ



# સિદ્ધાંત

## આત્મકલ્યાણકારી PILLS!

**- પરમ ગુરુદેવ**

કર્મ સિદ્ધાંત એ જગતનો શાશ્વત સિદ્ધાંત છે.

એક આત્મા જ્યારે ધર્મક્ષેત્રમાં આવે છે, ત્યારે તે કંઈક જાણવા, કંઈક પામવા, કંઈક સમજવા અને ધર્મને પોતાના જીવનમાં apply કરી શકે, એવા ભાવથી આવે છે, કેમ કે, તેને પોતાનો સમય શ્રેષ્ઠ બનાવવો હોય છે અને પોતાના આત્માને શુદ્ધ કરવો હોય છે.

આત્માને શુદ્ધ કરવા જરૂર હોય છે, સમ્યક્ સમજની ! આત્માને શુદ્ધ કરવા જરૂર હોય છે, કર્મોની સમજની !

જેમ જેમ કર્મની સમ્યક્ સમજ વધતી જાય, તેમ તેમ જીવનમાં શાંતિ, સમાધિ, પ્રસન્નતા અને આનંદ વધતાં જાય.

જે સમજુ હોય, એના ચહેરા પર સદાય સમાધિ હોય. જેની આધિ, વ્યાધિ અને ઉપાધિ સમ થઈ ગઈ હોય, તે સમાધિભાવમાં હોય.

કર્મ સિદ્ધાંત જેની સમજમાં આવી જાય, કર્મ સિદ્ધાંત જેની અનુભૂતિમાં આવી જાય, તે વ્યક્તિ દરેક ક્ષેત્રમાં, દરેક પરિસ્થિતિમાં શાંત અને સમભાવમાં રહી શકે.

કર્મ સિદ્ધાંત કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્માએ આપણા આત્માના હિત, શ્રેય અને કલ્યાણ માટે પ્રગટ કરેલો મહાઉપકારક સિદ્ધાંત છે.

અત્યારે જ્યારે વ્યક્તિના જીવનમાં શાંતિ ઓછી અને સમસ્યા વધારે છે, સમાધિ ઓછી અને સંઘર્ષ વધારે છે, ત્યારે કર્મ સિદ્ધાંતની સમજ અત્યંત જરૂરી છે, કેમ કે, સમસ્યા અને સંઘર્ષના કારણે વ્યક્તિ અશાંત, upset અને negative થઈ જાય છે, તો ક્યારેક depressionમાં પણ આવી જાય છે, જે આત્મા માટે અહિતકારી હોય છે.

કેટલાંક લોકોને અસ્થમાની બીમારી હોય છે, તેઓ હંમેશાં પોતાની સાથે pump રાખતાં હોય છે. જેવો અસ્થમાનો attack આવે, pocketમાંથી pump કાઢે, pump લે અને સ્વસ્થ થઈ જાય.

કેટલાંક લોકોને heartનો problem હોય છે, તેઓ હંમેશાં પોતાની સાથે sorbitrate નામની tablet રાખતા હોય છે, જેવું heartમાં... chestમાં જરાપણ pain feel થાય, એટલે તરત જ pocketમાંથી એ tablet કાઢી, જીભ નીચે મૂકી દે.

**તેવી જ રીતે આત્માની સમાધિ પર attack કરતાં કોઈપણ problems આવે, તેમાંથી સ્વસ્થ થવા, તમારા મનના pocketમાં always તમારી સાથે કર્મ સિદ્ધાંતની pills ready હોવી જોઈએ.**

જો તમારી પાસે કર્મ સિદ્ધાંતની pills ready હશે તો તમે ગમે ત્યારે, ગમે તેવી સમસ્યાનો attack આવશે, તમે શાંત અને સ્વસ્થ થઈ સમાધાન પ્રાપ્ત કરી શકશો. તમારા મનને શાંત રાખી, આત્માને સમાધિભાવમાં રાખી શકશો.

કર્મ સિદ્ધાંત આત્મા માટે કલ્યાણકારી છે. કર્મ સિદ્ધાંત સમજાવે છે; જ્યાં કર્મ છે, ત્યાં સંસાર છે. જ્યાં કર્મનો ક્ષય છે, ત્યાં મોક્ષ છે.

કર્મ સિદ્ધાંતની સમ્યક્ સમજને જો day to day lifeમાં પ્રયોગમાં લાવવાનો પુરુષાર્થ કરીએ તો અનેક પ્રકારના પાપ-દોષોથી બચી શકીએ, અનંતા કર્મોનો ક્ષય કરી શકીએ અને મોક્ષની નજીક જઈ શકીએ.

જેમ તનના રોગને સ્વસ્થ કરવા medicated pills હોય,
તેમ આત્માના રોગને સ્વસ્થ કરવા કર્મ સિદ્ધાંતની pills હોય.

**સૌજન્ય : શ્રી કોઠારી પરિવાર, ઘાટકોપર**



# અરેરે! આક્ષેપનો Attack આવ્યો ?

**- પરમ ગુરુદેવ**




આજે જગતમાં એક પણ વ્યક્તિ એવી નહીં હોય, જેણે જાણતા-અજાણતા કોઈ પર ખોટો આક્ષેપ મૂક્યો નહીં હોય અને એક પણ વ્યક્તિ એવી નહીં હોય, જેના પર, કોઈએ કોઈપણ જાતની ભૂલ વિના ખોટો આક્ષેપ મૂક્યો ન હોય.

ક્યારેક તમે કોઈના પર આક્ષેપ કરો છો, તો ક્યારેક કોઈ તમારા પર આક્ષેપ કરે છે.

ઘણીવાર એવું બનતું હોય છે કે, ઘરમાં તમારી કોઈ વસ્તુ મળતી ન હોય, ત્યારે તમે તમારા ઘરના નોકર પર આક્ષેપ મૂકો છો કે, તે જ આ વસ્તુ લીધી છે, જ્યારે નોકરને તે વસ્તુની ખબર જ ન હોય !

ઘણીવાર એવું બનતું હોય કે તમે કોઇ ધર્મ સ્થાનકમાં ગયાં હોય અને બહાર નીકળતી વખતે તમે જ્યાં તમારા ચપ્પલ રાખ્યાં હોય, ત્યાં ન દેખાય એટલે પહેલો વિચાર આવે કે, ‘કોઇ ચોરી ગયું લાગે છે.’ Direct કોઇના ઉપર ચોરીનો આક્ષેપ મૂકાઇ જાય અને થોડી જ વારમાં તમને તમારા ચપ્પલ મળી પણ જાય.

ઘણીવાર તમારી ઉપર પણ કોઈપણ જાતની ભૂલ વગર, વાંક વિના કોઈ ખોટો આક્ષેપ કરે છે, ત્યારે તમે અશાંત અને upset થઈ જાવ છો, કે મારી સાથે જ કેમ આવું થયું, મેં તો કાંઈ કર્યું નથી, છતાં મારું નામ કેમ આવ્યું ?

એ સમયે તમે ભૂલનું post-mortem તો કરો છો, પરંતુ ક્યારેય કર્મોનું post-mortem નથી કરતાં. પરિસ્થિતિ આવે ત્યારે ભૂલનું post-mortem કરવું જોઇએ કે કર્મોનું ? જ્યારે તમારી ભૂલ હોય ત્યારે તો તમે ચૂપચાપ સાંભળી લ્યો, સહન પણ કરી લ્યો, સામા જવાબ પણ ન આપો, પણ જ્યારે તમારી ભૂલ ન હોય અને કોઇ આક્ષેપ કરે, ત્યારે તરત જ ગુસ્સે થઇ જાવ અને અકળાઇ જાવ.

**કર્મ સિદ્ધાંત કહે છે, હમણાં, અત્યારે કે આ ભવમાં કદાચ તમે કાંઈ ખોટું કર્યું નથી, તમારી કોઈ mistake નથી, પણ ભૂતકાળમાં ક્યારેક તમે ભૂલ કરી છે, કોઈના ઉપર આક્ષેપ કર્યો છે, એનું result આજે આવ્યું છે.**

તમને ખબર પણ ન હોય, તેમ તમે કર્મો બાંધતા હો છો. જેમ કે, News paper વાંચો ત્યારે અથવા T.V.માં news જુઓ અને કોઈને સજા મળતી હોય, ત્યારે તમે મનમાં પણ વિચારી લો કે, yes, એ તો સજાને જ લાયક છે, સારું થયું તેને સજા મળી, એ તો એ જ લાગનો છે, આવા fraud કરે તો સજા મળે જ ને ! !

હવે, તમે એ વ્યક્તિને જાણતાં નથી, ઓળખતાં નથી, તમને ખબર પણ નથી કે ખરેખર એણે કોઈ fraud કર્યો છે કે નહીં ? બની શકે એ નિર્દોષ હોય ! પણ તમે એના ઉપર આક્ષેપ કર્યો અને આક્ષેપના કર્મો બાંધ્યાં, હવે જ્યારે એ કર્મો ઉદયમાં આવશે, ત્યારે તમે નિર્દોષ હશો, છતાં તમારા પર આક્ષેપ આવશે.

જો તમને કર્મ સિદ્ધાંતની સમજ હોય તો ?

તો તમે ગમે તેવા news વાંચો, ગમે તેવા news સાંભળો, તમે અલિપ્ત અને સમભાવમાં રહી શકો. મને સત્યની ખબર નથી, મારે કોઈ reaction આપવા નથી, મારે કોઈ judgement આપવું નથી, મારે મારા કર્મો બાંધવા નથી.

આક્ષેપ mistakesના કારણે આવે કે કર્મોના કારણે ?

આક્ષેપ ભૂલ હોય ત્યારે જ આવે કે ભૂલ વગર પણ આવે ?

આક્ષેપ કોઈના કારણે આવે કે પોતાના કારણે આવે ?

આક્ષેપ માત્ર ને માત્ર પોતાના કર્મોના કારણે જ આવે.

**કર્મ સિદ્ધાંત કહે છે ;**

**જેવી actions એવા reactions!**

ભૂલ હોય ત્યારે આક્ષેપ થાય, એ સહજ વાત છે પણ ભૂલ ન હોય, તો પણ આક્ષેપ થઈ શકે છે, કેમ કે, ભૂતકાળમાં આપણે સત્ય જાણ્યા વિના કોઈપર આક્ષેપ કર્યો છે.

**જ્યારે નીચ ગોત્ર કર્મનો ઉદય હોય, ત્યારે આપણા ઉપર આક્ષેપ આવે અને જ્યારે મોહનીય કર્મનો ઉદય હોય, ત્યારે આપણે બીજા ઉપર આક્ષેપ કરીએ.**

**જ્યારે તમારા ઉપર આક્ષેપનો attack આવે, ત્યારે તમારે તમારા મનના pocketમાંથી કર્મ સિદ્ધાંતની pills લઈ લેવાની.**

**'મારા નીચ ગોત્ર કર્મનો ઉદય છે, એટલે મારા પર આક્ષેપ આવ્યો છે. મારે કોઈ reactions આપવા નથી, મારે કોઈ clarifications પણ આપવા નથી. મારે કોઈને દોષિત માનવા નથી, કેમ કે, મને ખબર છે દોષિત તો મારા પોતાના pastના કર્મો છે. મારે અત્યારે સમભાવમાં રહેવું છે, શાંત રહેવું છે.**

**સમભાવે સ્વીકાર કરવાથી મારા જૂના કર્મો ક્ષય થઈ જશે અને નવા કર્મ બંધાશે નહીં !**

આ હોય છે, કર્મ સિદ્ધાંતની સમજનું પરિણામ! કર્મ સિદ્ધાંતની સમજથી આત્મા reactionless થઈ શકે છે.

**સ્વીકાર કરવો, એ કર્મોને ઘટાડવાની રીત છે, પ્રતિકાર કરવો એ કર્મોને વધારવાની રીત છે.**

કર્મ ત્રિકાલિક હોય છે, એટલે કર્મો આપણા past, present અને future ત્રણેને અસર કરતાં હોય છે.

ઘણીવાર કર્મો આ ભવના હોય અને આવતા ભવે ઉદયમાં આવે, તો ઘણીવાર કર્મો પૂર્વ ભવના હોય અને આ ભવમાં ઉદયમાં આવે.

કર્મો બે પ્રકારે બંધાતા હોય,

એક અલ્પ સ્થિતિના હોય, એક લાંબી સ્થિતિના હોય. અલ્પ સ્થિતિના હોય, એ જલ્દી ઉદયમાં આવે અને લાંબી સ્થિતિના હોય, એ ધીમે ધીમે ઉદયમાં આવે.

અલ્પ સ્થિતિવાળા હોય, એ તરબૂચના વેલા જેવા હોય, કર્મ બંધાય અને અલ્પ સમયમાં એનું result આવી જાય, જ્યારે લાંબી સ્થિતિવાળા હોય એ આંબાના વૃક્ષ જેવા હોય, જેમાં ફળ આવતા સમય લાગે.

જે સમકિતી હોય, જેમની right identity clear હોય, જેમને સમ્યક્ દર્શન પ્રાપ્ત થયું હોય, એવી વ્યક્તિને કર્મબંધનું result 48 minutesમાં આવી જાય, જ્યારે મિથ્યાત્વી વ્યક્તિ કર્મબંધ કરે, તે તેને લાંબા સમય પછી ભોગવવાનું આવે.

ઘણીવાર તમે જોયું હશે, જે પાપ પ્રવૃત્તિઓ કરતાં હોય, ખોટાં કામ કરતાં હોય છતાં એને ત્યાં સુખ અને સુખ જ હોય, જ્યારે જે સાચા હોય, ધાર્મિક હોય, એને ત્યાં દુ:ખ હોય.

કેમ કે, પાપ કરવાવાળાએ જે કર્મ બાંધ્યાં છે, તે લાંબી સ્થિતિવાળા બાંધ્યાં છે, એટલે એનું result પણ લાંબા સમય પછી આવશે.

કર્મ સિદ્ધાંતમાં એ માટે શબ્દ આવે છે, 'અબાધાકાલ.'

અબાધાકાલ એટલે કર્મોના બંધ અને કર્મોના ભોગવટા વચ્ચેનો સમય !

બીજ વવાઈ ગયું છે, પણ જ્યાં સુધી ફળ નથી આવતાં, ત્યાં સુધીના સમયને કહેવાય છે, અબાધાકાલ !

**ધાર્મિક વ્યક્તિ જે કર્મબંધ કરે છે, તેનો અબાધાકાલ 48 minutesનો હોય છે અને અધર્મી જે કર્મબંધ કરે છે, તેનો અબાધાકાલ હજારો વર્ષોનો હોય છે.**

માટે જ,

કોઈના પર ક્યારેય આક્ષેપ મૂકવો નહીં.

ઘણીવાર એવું પણ બને કે, એકવાર મુકેલા આક્ષેપ માટે આખી life સહન કરવું પડે.

કર્મ સિદ્ધાંતને સમજનારી વ્યક્તિના એક જ ભાવ હોય,

'મારે કોઈના judge બનવું નથી. મારે કોઈના માટે કોઈ અભિપ્રાય આપવો નથી, મારે કોઈનામાં ભળવું નથી, મારે કોઈની negative વાત કરવી નથી, કોઈની negative વાત સાંભળવી નથી.

સહુ સહુના ભાવમાં ! એ એના ભાવમાં, હું મારા ભાવમાં !'

જો તમે પણ કર્મ સિદ્ધાંતની સમજને સમજી લેશો તો, તમે જ્યારે newspaper વાંચતા હશો કે T.V. કે movie જોતાં હશો, ત્યારે તમારી અંદર એક bell વાગશે... 'જેનું જે હોય તે, મારે એમાં પડવું નથી.'

જો હું મનથી પણ મારા અભિપ્રાય આપીશ, મનથી પણ કોઈના પર આક્ષેપ મૂકીશ, તો મારે મન, વચન અને કાયા એમ ત્રણે યોગથી એ આક્ષેપના કર્મોને ભોગવવા પડશે.

**આક્ષેપનું પરિણામ આક્ષેપ જ આવે છે.**

ખોટો આક્ષેપ અનેકગણો થઈને reverse આવે છે.

કર્મ સિદ્ધાંત કોઈના પર આક્ષેપ કરતાં અટકાવે છે અને સ્વયં પર આવેલા આક્ષેપ સમયે સમભાવમાં રાખે છે.

**સૌજન્ય : શ્રી ગુરુભક્ત, કોલકાતા**



# કર્મોને Renew નથી થવા દેવા ?

- પરમ ગુરુદેવ




કર્મ સિદ્ધાંતની એક સમજ તમારા કર્મોને renew કરતાં અટકાવી શકે છે.

એકવાર કર્મોનો બંધ થઈ જાય અને અબાધાકાળ પૂરો થઈ જાય એટલે કર્મો ઉદયમાં આવે અને ત્યારે બે સ્થિતિ સર્જાય.

એક જો સામે કોઈ નિમિત્ત હોય તો કર્મો એની અસર બતાવે અને જો સામે કોઈ નિમિત્ત ન હોય તો કર્મો અસર બતાવ્યાં વિના ક્ષય થઈ જાય.

**જે કર્મો અસર બતાવીને ક્ષય થાય તેને પ્રદેશ ઉદય કહેવાય અને જે કર્મો અસર બતાવ્યા વિના ક્ષય થઈ જાય, તેને વિપાક ઉદય કહેવાય.**

માનો કે, તમને 4-5 વર્ષ પહેલાં business partner સાથે problem થયો હતો અને તમે છૂટાં પડી ગયા છો, પણ તમારા મનમાં એમના પ્રત્યેનો negative ભાવ એકદમ set થઈ ગયો છે.

એક દિવસ તમે gardenમાં તમારા friend સાથે આનંદથી વાતો કરી રહ્યાં છો, અચાનક જ તમારા એ partner ત્યાંથી પસાર થાય છે અને તમારા ભાવો બદલાઈ જાય છે, તમારા મનમાં negative feelings આવવા લાગે છે.

આવું કેમ બને છે ?

ત્યારે પણ તમારા negative કર્મોનો ઉદય તો ચાલી જ રહ્યો હતો, પણ સામે કોઈ નિમિત્ત ન હતું એટલે ઉદયની અસરનો અનુભવ નહોતો થતો. જેવું partner નામનું નિમિત્ત સામે આવ્યું, ઉદયની અસર અનુભવાવા લાગી.

જે કર્મો નિમિત્ત ન હતું, ત્યાં સુધી ક્ષય થઈ ગયાં તે તો થઈ ગયાં, પણ નિમિત્ત મળતાં તમે તેમાં mix થઈ ગયાં, ભળી ગયાં. તમારી આંખોમાં, ભાવોમાં, ચહેરા પર negative ભાવ વ્યાપ્ત થઈ ગયાં. તમારી actions અને તમારા emotions બંને negative થઈ ગયાં, એટલે તમારા એ negative કર્મોનું renewal થઈ ગયું. ફરી એ કર્મો આબાધાકાલ પૂરો થશે એટલે ઉદયમાં આવશે, ફરી તમને negative બનાવશે, જો સામે નિમિત્ત હશે તો તે ફરી renew થશે, પણ જો સામે નિમિત્ત નહીં હોય તો અસર બતાવ્યાં વિના ક્ષય થઈ જશે.

**કર્મોને renew કરે છે, નિમિત્ત !**

કોઈએ પ્રભુ મહાવીરને પૂછ્યું, પ્રભુ ! તમે સાધના કરવા જંગલમાં કેમ ગયા ? પ્રભુ ! તમારી પાસે તો જ્ઞાન છે, સમજ છે, સત્યની પહેચાન છે, તમે તો રાજમહેલમાં રહીને પણ તમારું આત્મસિદ્ધિનું કર્તવ્ય નિભાવી શકત, તો પછી તમે જંગલની વાટ કેમ પકડી ?

પ્રભુએ કહ્યું, વત્સ ! રાજમહેલમાં મારી સામે અનેક નિમિત્તો હતાં. એ નિમિત્તો મારા કર્મોના renewalનું કારણ બની જાત. એ નિમિત્તો મારા કર્મોનો વિપાક ઉદય કરાવત. જંગલમાં મારી સામે એક પણ નિમિત્ત નથી, એટલે મારા કર્મોનો પ્રદેશ ઉદય થાય છે.

જંગલમાં, એકાંતમાં, નિમિત્તોથી દૂર પ્રભુના કર્મોનો પ્રદેશ ઉદય થતો ગયો... થતો ગયો, એટલે ધીમે-ધીમે ભૂતકાળના જેટલાં કર્મો હતાં, તે ક્ષય થવા લાગ્યાં અને સામે નિમિત્ત ન હોવાના કારણે વિપાક ઉદય ન થવાના કારણે, કોઈપણ કર્મોનું renewal થતું ન હતું.

અંતે પ્રભુના જૂના બધાં જ કર્મો ક્ષય થઈ ગયાં અને એક પણ કર્મ renew ન થયાં એટલે પ્રભુ કર્મોથી મુક્ત થઈ ગયાં.

**નિમિત્ત કર્મોના renewalનું કારણ છે, તો શું કરવું જોઈએ ? નિમિત્તોથી દૂર રહેવું જોઈએ કે નિમિત્તોની નજીક રહેવું જોઈએ ?**

દૂધ છે તો એને લીંબુના ટીપાંનું નિમિત્ત મળશે તો શું થશે ? તો એ બગડી જશે, પણ એ જ દૂધમાં જો દહીંના બે ટીપાંનું મેળવણ નાંખી, એનું દહીં જમાવી, એ દહીંમાંથી માખણ કાઢી, એ માખણને તપાવી એમાંથી ઘી બનાવી લો, પછી એ ઘી ન બગડે ! કેમ કે, ઘી નિમિત્તોની અપેક્ષાથી દૂર થઈ ગયું છે, નિમિત્તોની અસરથી 'પર' થઈ ગયું છે.

આપણો આત્મા નિમિત્તોની અસરવાળો છે, એના પર હર એક નિમિત્તની અસર થાય છે,

પણ જે નિમિત્તોની અસરથી 'પર' થઈ જાય છે, એની સામે હજારો નિમિત્તો આવે તો પણ એને કોઈ અસર ન થાય.

**નિમિત્તો કર્મોને renew કરે છે.**

જેટલાં નિમિત્તો વધારે, એટલાં કર્મોનો બંધ વધારે. જેટલાં નિમિત્તો ઓછાં, એટલાં કર્મોનો બંધ ઓછો.

**જેટલાં શુભ નિમિત્તો વધારે, એટલાં શુભ કર્મોનો બંધ વધારે. જેટલાં અશુભ નિમિત્તો વધારે, એટલાં અશુભ કર્મોનો બંધ વધારે.**

માનો કે, આજે સવારે તમે ઉઠ્યાં, એક મિનિટ માટે તમને થયું, જવા દે ને, આજે ઉપાશ્રય નથી જવું, થોડી ઊંઘ આવે છે. કાલે જઈશ. એક મિનિટ પછી તમને થયું, ના... ના! જવા દે, નહીં તો ગુરુદેવ પૂછશે કાલે કેમ નહોતા આવ્યાં ? એટલે તમે ઊઠી તો ગયાં પણ સામે newspaper દેખાયું એટલે પાછા sofa ઉપર બેસી newspaper વાંચવા લાગ્યાં અને વિચારવા લાગ્યાં, ગુરુદેવે 7:00 ના બદલે 7:30નો time રાખ્યો હોત તો ? ફરી એક minute પછી અંદરથી force આવ્યો, જલ્દી જવું છે અને તમે ફટાફટ તૈયાર થઈ, ઘરની બહાર નીકળી ગયાં.

તમને ખબર છે, તમારી સાથે શું process થઈ ? તમે ઉપાશ્રય આવવાનો ભાવ કર્યો એટલે તમારી અંદર સદ્‌ભાવના આવી પણ સામે newspaperનું નિમિત્ત મળ્યું એટલે તમે એમાં ભળી ગયાં, એ વાંચવા બેસી ગયાં એટલે તમારી અંદરમાં રહેલાં પ્રમાદનું renewal થઈ ગયું, એ જ્યારે 5-10 વર્ષ પછી ઉદયમાં આવશે ત્યારે ફરી તમને પ્રમાદ આવશે.

હવે એ નિમિત્તની વચ્ચે પણ તમારા મનમાં એક ભાવ પ્રગટ થયો, ના, મારે જવું છે, એટલે તમારો પુરુષાર્થ પ્રગટ થયો. જેવો પુરુષાર્થ પ્રગટ થયો, એટલે નિમિત્તની અસર ઘટી ગઈ.

પ્રમાદનું આવવું એનું કારણ હોય છે અરતિ મોહનીય કર્મ !

અરતિ એટલે અણગમો !

રતિ એટલે સંસાર પ્રત્યે ગમો અને અરતિ એટલે આત્મા પ્રત્યે અણગમો !

અરતિ મોહનીય કર્મના ઉદયના કારણે તમને ધર્મ સ્થાનકમાં આવવા માટે, આત્મહિતના વચનો શ્રવણ કરવા માટે પ્રમાદ આવ્યો, આળસ આવી, 'કાલે જઈશ' ના ભાવ આવ્યાં.

તમારા અરતિ મોહનીય કર્મના ઉદય વખતે તમારી સામે તમારી પથારી, તમારું newspaper, તમારા sofa જેવા નિમિત્તો હતાં, પણ એ સમયે તમે તરત જ પાછા સાવધાન થઈ ગયાં અને અહીં આવવા નીકળી ગયાં, એટલે એ નિમિત્તોની અસર ન થઈ, તમારા કર્મોનું renewal ન થયું, કેમ કે, પુરુષાર્થ પ્રગટ થઈ ગયો.

તમે સવારે ઊઠીને અહીં આવ્યાં, એટલે તમને કેટલાં કર્મોનો ક્ષય કરવાની તક મળી ?

તમે જેવું વિચાર્યું કે, મારે ઉપાશ્રય જવું છે. પ્રભુ વાણીનું શ્રવણ કરવું છે, પરમ ગુરુદેવના શ્રીમુખેથી કર્મ સિદ્ધાંતની વાતો સમજવી છે. જેવા તમારી અંદર પ્રભુ પ્રત્યે, સંતો પ્રત્યે અને જ્ઞાન પ્રત્યે ભાવ પ્રગટ થયાં, તમારી અંદરનો પુરુષાર્થ પ્રગટ થયો, એટલે 69 ક્રોડાક્રોડી સાગરોપમના કર્મોને ક્ષય કરવાનો પુરુષાર્થ પ્રારંભ કર્યો.

તમારી સામે પ્રમાદના નિમિત્તો વધારે છે કે પુરુષાર્થના ?

જ્યારે સત્ પુરુષાર્થ હોય છે, ત્યારે શુભ ભાવ પ્રગટ થાય છે અને શુભ ભાવના કારણે શુભ કર્મનો બંધ થાય છે, જ્યારે પ્રમાદ હોય છે ત્યારે ભાવ પણ અશુભ હોય છે અને અશુભ ભાવના કારણે અશુભ કર્મોનો બંધ થાય છે.

પુરુષાર્થ અને પ્રમાદની વચ્ચેના યુદ્ધમાં બે પ્રકારના કર્મોનો ઉદય કારણરૂપ હોય છે.

જ્યારે પ્રમાદ આવે છે, ત્યારે કર્મોનો વિપાક ઉદય થાય છે. જ્યારે પુરુષાર્થ પ્રગટ થાય છે, ત્યારે કર્મોનો પ્રદેશ ઉદય થાય છે.

**જ્યારે પ્રમાદનો attack આવે, ત્યારે તમારે તમારા મનના pocketમાંથી કર્મ સિદ્ધાંતની pills લઈ લેવાની.**

**પ્રમાદ મારા કર્મોને renew કરે છે, મારા કર્મોનો વિપાક ઉદય થાય છે. અશુભ નિમિત્તની અસર મારા અશુભ કર્મોને renew કરે એ પહેલાં મારે શુભ નિમિત્તનું સર્જન કરવાનું છે.**

શુભ નિમિત્તોનું સર્જન કેવી રીતે થાય ?

તમે ભક્તિના ભાવમાં ચાલ્યા જાવ. તમને જે પ્રિય હોય, તમને જે યાદ આવે તે ભક્તિ સ્તવનાનું ગૂંજન શરૂ કરી દો.

આ પણ ન થાય તો ઓમ... ઓમ... અથવા અર્હમ... અર્હમ... અર્હમનો નાદ શરૂ કરી દો. આનાથી શું થશે ?

તમારા મન ઉપર જે અશુભ નિમિત્તની અસર થતી હતી, તે ઓછી થઈ જશે. અશુભ નિમિત્તોથી દૂર થવાનો શ્રેષ્ઠ ઉપાય છે, શુભ નિમિત્તોને વધારી દો.

**શુભ નિમિત્ત શુભ કર્મોનું renewal કરશે.**



# કોઈપણ Situationમાં સમભાવ રાખવો છે ?

- પરમ ગુરુદેવ




જેમ જેમ સમજ વધે,
તેમ તેમ સમાધિ વધે.

જ્યારે આપણે દરેક situationsને પ્રભુના જ્ઞાનથી, પ્રભુની સમજ પ્રમાણે સમજવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યારે આપણું thinking positive થઈ જાય છે.

જ્યારે આપણે આપણા thinking પ્રમાણે situationને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ, ત્યારે કયાંક ને ક્યાંક આપણે negative થઈ જઈએ છીએ.

કેમ કે, આપણે જે સામે હોય છે એ જોઈએ છીએ, જ્યારે પ્રભુ ત્રણે કાળનું જુએ છે. જ્યારે આપણે ત્રણે કાળનું જોવા લાગીએ છીએ, ત્યારે automatic સમાધિ આવવા લાગે છે. જ્યારે આપણે માત્ર વર્તમાનને જોઈએ છીએ, ત્યારે આપણામાં રાગ-દ્વેષ આવે છે.

કર્મ સિદ્ધાંત શું છે ?

કર્મ સિદ્ધાંત ત્રિકાલિક સમજ આપે છે. Pastમાં કરેલી actionsનો ઉદય વર્તમાન છે. વર્તમાનની actionsમાં જે પ્રમાણે involve થયાં, એ પ્રમાણે ભવિષ્ય સર્જાશે.

Actionsના કર્મો જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે તે ફરી actions નથી કરાવતાં.

તો શું થાય છે ?

## Secrets of કર્મ સિદ્ધાંત:

તમને હું કર્મ સિદ્ધાંતનું એક જબરદસ્ત secret સમજાવું છું.

માનો કે, pastમાં ક્યારેક તમે કોઈનું ખૂન કર્યું હતું. એ કર્મો આજે ઉદયમાં આવ્યાં છે, ત્યારે શું તમે તે સમયે કરેલી ખૂનની actionના કારણે આજે ફરી કોઈનું ખૂન કરશો ? ના !

ખૂન કરવાના કારણે તે વ્યક્તિને જે અશાતા, વેદના આદિ આવ્યાં હતાં, તે અશાતા, તે વેદના તમારે ભોગવવાની આવે.

માનો કે, તે ખૂન તમે ભયંકર ક્રોધ સાથે કર્યું હતું. તે કર્મો અત્યારે ઉદયમાં આવ્યાં, તમે ખૂન નહીં કરો, પણ તમે ભયંકર ક્રોધ અવશ્ય કરશો.

કર્મો જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે actions નથી કરાવતાં, પણ એ સમયે જે પ્રકારના emotions હોય, એ પ્રકારના emotions આવે છે અને એ emotions વર્તમાનની actions સાથે mix થઈ જાય છે અને ફરી પાછા નવા કર્મો બંધાય જાય છે.

Actions + emotions !

હવે એનું future કેવું થઈ જશે ?

એના કર્મોનું renewal થઈ જશે.

પ્રભુની સમજ ત્રિકાલિક હોય છે, જ્યારે આપણી સમજ એક જ કાલને જોનારી હોય છે. ભૂતકાળને અથવા વર્તમાનકાળને અથવા ભવિષ્યકાળને !

તમે mark કરજો, તમે જેવા free થશો એટલે pastમાં ચાલ્યા જશો. તેણે મને આમ કહ્યું હતું, તે ભાઈએ મારી સાથે આવો વ્યવહાર કર્યો હતો, તેણે મારી સાથે cheating કરી હતી, તે મિત્રએ બધાંની વચ્ચે મારું અપમાન કર્યું હતું.

Pastમાં નહીં જાઓ તો futureમાં ચાલ્યાં જશો. હવે મારે નવો business કરવાનો છે. Next year આ planning છે, છ મહિના પછી નવું ઘર લેવું છે, એનું planning આ પ્રમાણે કરીશ.

Past હોય કે future... બંનેમાં તમારી વિચારધારા emotionsવાળી હોય છે કે emotions વિનાની ?

Emotionsવાળી હોય છે.

એ emotions પાછા શું થઈ જશે ? એ emotions પાછા કર્મોનું કારણ બની જશે.

ફરી કર્મો બંધાશે, કર્મો ઉદયમાં આવશે, emotions ઉદયમાં આવશે, એ emotions પાછા વર્તમાનની actionsમાં mix થશે અને ફરી કર્મો renew થશે.

**Emotions renew થાય છે, actions ક્યારેય renew થતી નથી.**

માટે જ, actionsના કર્મો નિહ્નત હોય છે,

emotionsના કર્મો નિકાચિત હોય છે અને બંને જ્યારે mix થઈ જાય છે, ત્યારે 100% નિકાચિત થઈ જાય છે.

તમે જોયું હશે, તમારી આસપાસમાં કેટલીક વ્યક્તિઓ હશે, જેમને તમે વારંવાર સમજાવતાં હશો, તો પણ સમજી નહીં શકતાં હોય, ત્યારે તમને થતું હશે, જવા દે ને, એ સમજશે જ નહીં.

કેટલીક વ્યક્તિઓ એવી હશે જેને એક જ વાર કહેશો અને સમજી જશે, તો કેટલીક વ્યક્તિઓ એવી પણ હશે જેને અડધી વાત કરો અને આખી વાત સમજી જાય !

તેનું કારણ છે, જ્ઞાનાવરણીય કર્મો !

**કેમ કે, બધાંના જ્ઞાનાવરણીય કર્મોના આવરણ અલગ-અલગ પ્રકારના હોય.**

જ્ઞાનાવરણીય કર્મોને દૂર કેવી રીતે કરી શકાય ?

જ્ઞાનાવરણીય કર્મોને દૂર કરવાનો ઉપાય શું હોય ?

જ્ઞાનાવરણીય કર્મો દૂર થાય, એટલે તરત જ જ્ઞાન પ્રગટ થાય.

શું વાંચવાથી જ્ઞાનાવરણીય કર્મો દૂર થાય ? ના !

સામાયિકના પાઠ કેટલીય વાર વાંચો છો, છતાં યાદ નથી રહેતાં અને કોઈએ એક અપમાનજનક વાક્ય કહ્યું હોય તો એ 10 વર્ષ પછી પણ યાદ હોય છે. એટલે આમાં જ્ઞાનાવરણીય કર્મો ક્યાં આવે ? 10 વર્ષ પહેલાંની વાત યાદ છે, એનો અર્થ એ થયો કે તમારી યાદશક્તિ તો સારી છે.

**જ્ઞાનાવરણીય કર્મોને દૂર કરવાના બે મુખ્ય ઉપાય છે ; એકાગ્રતા અને વિનય.**

જે subjectમાં તમે એકાગ્ર થઈ જાઓ, એકલીન થઈ જાઓ, તો તે તમને તરત જ યાદ રહી જશે. એકાગ્રતા આત્માનો ભાવ હોય છે અને આત્માના ભાવ, આત્માના જ્ઞાનને પ્રગટ કરે છે.

જેમ જેમ વિનય વધે છે, તેમ તેમ જ્ઞાનાવરણીય કર્મો ક્ષય થાય છે અને કર્મોનો ક્ષય થતાં આત્મામાં રહેલું જ્ઞાન પ્રગટ થાય છે.

ઘણીવાર શું થાય, તમે કોઈને સમજાવવાનો પ્રયત્ન કરો, ત્રણ વાર, પાંચ વાર, સાત વાર છતાં એ ન સમજે, ત્યારે તમારો તમારા ઉપર control ન રહે અને તમને ગુસ્સો આવી જાય.

જ્યારે પણ તમે તમારી આસપાસ કોઈ મંદબુદ્ધિની વ્યક્તિને જુઓ, કોઈ અલ્પ સમજવાળી વ્યક્તિને જુઓ, ત્યારે ન એના પર હસવું જોઈએ, ન એની મશ્કરી કરવી જોઈએ, ન એમને ignore કરવા જોઈએ.

તમારું હાસ્ય, તમારી મશ્કરી એ મંદબુદ્ધિવાળા વ્યક્તિના આત્માની અશાતનાનું કારણ બને છે, જેના કારણે તમને જ્ઞાનાવરણીય કર્મોનો બંધ થાય છે.

**જ્યારે તમારા ઉપર જ્ઞાનાવરણીય કર્મોનો attack આવે, ત્યારે તમારે તમારા મનના pocketમાંથી કર્મ સિદ્ધાંતની pills લઈ લેવાની.**

**અત્યારે તેના જ્ઞાનાવરણીય કર્મોનો ઉદય છે, એટલે તેને સત્ય પ્રગટ થતું નથી. મારે એની actionમાં મારા emotionsને mix થવા નથી દેવા, મારે સમભાવ રાખવો છે.**

એ જ્ઞાનાવરણીય કર્મોના બંધના કારણે ભવિષ્યમાં તમે પણ મંદબુદ્ધિના થઈ શકો છો.

માનો કે, તમે શેઠ છો અને તમારે ત્યાં એક નોકર કામ કરે છે, તો એ નોકર તરીકે કેમ તમારે ત્યાં કામ કરે છે, એ શેઠ કેમ નથી ?

એની પાસે બુદ્ધિ ઓછી છે કે good luck ઓછા છે ?

કેટલાંક students થોડું વાંચે છતાં સારા marks લાવે, એટલે એની બુદ્ધિ ઓછી હોય પણ good luck જોરદાર હોય. કેટલાંક students રાત-દિવસ મહેનત કરે અને છતાં marks ઓછા આવે, કેમ કે, બુદ્ધિ છે પણ good luck ઓછા છે.

**જ્ઞાનાવરણીય કર્મોનો ઉદય હોય, ત્યારે બુદ્ધિ ઓછી હોય અને ઉચ્ચ ગોત્ર કર્મનો ઉદય હોય, ત્યારે good luck વધારે હોય.**

પુરુષાર્થ આપણે કરવાનો હોય, ફળ કર્મોના ઉદય પ્રમાણે મળે.

જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરવાનો સર્વ શ્રેષ્ઠ ઉપાય છે વિનય અને વિનય કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે વંદના !

જેમ જેમ વંદના વધતી જાય, તેમ-તેમ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થતો જાય.

**વિનય ભાવ જેમ-જેમ વધે છે, જ્ઞાનાવરણીય કર્મોના layers દૂર થવા લાગે છે.**

માતા-પિતા અને વડીલોને પગે લાગવું એ પણ વિનય છે. વિનયથી જ્ઞાનાવરણીય કર્મો ક્ષય થાય છે. એના layers ઘટવા લાગે છે અને જ્ઞાન પ્રગટ થવા લાગે છે.

**સૌજન્ય : શ્રી મહેતા પરિવાર**



# વિપત્તિની વેદનાથી બચવું છે?

- પરમ ગુરુદેવ




કર્મ સિદ્ધાંત સમજવો અત્યંત જરૂરી છે, કેમ કે, કર્મ જીવનની હર પળમાં, હર સ્થિતિમાં, હર સંયોગમાં અને હર એક ક્ષેત્રમાં પોતાની અસર બતાવે છે. તમે ચાહે ઘરમાં હો, ચાહે ધર્મક્ષેત્રમાં હો, ચાહે business ક્ષેત્રમાં હો, ગમે ત્યાં હો, કર્મ એની અસર હર પળ બતાવે છે. કર્મોની અસરના કારણે ક્યારેક આત્મા ક્રોધિત થઇ જાય છે તો ક્યારેક રાગી થઇ જાય છે, ક્યારેક લોભી થઇ જાય છે તો ક્યારેક દ્વેષી થઇ જાય છે, ક્યારેક પ્રસન્ન થઇ જાય છે તો ક્યારેક દુ:ખી થઇ જાય છે.

તમારી આસપાસ તમે જોતાં હશો, ઘણા એવા લોકો હોય છે, જે સવારથી સાંજ સખત મહેનત કરતાં હોય છતાં ઘર ચાલે એટલું જ કમાતા હોય અને ઘણા એવા પણ હોય જે સવારથી સાંજ A.C officeમાં બેઠાં બેઠાં માત્ર 2-4 cheque sign કરે અને 1-2 meeting કરે અને લાખો રૂપિયા કમાતા હોય, બધાં શોખ પૂરા કરતાં હોય, બધી ઇચ્છાઓ પૂરી કરતાં હોય.

**વ્યક્તિને કાંઇ પણ મળવું કે ગુમાવવું, ઓછું કે વધારે મળવું, બધું કર્મ આધારિત હોય છે. હર એક સંયોગ પર કર્મોની અસર હોય છે અને જે પણ સંયોગ મળે છે એ પણ કર્મોના કારણે મળે છે.**

**ગોત્ર કર્મના બે પ્રકાર હોય છે;**
**ઉચ્ચ ગોત્ર કર્મ અને નીચ ગોત્ર કર્મ !**

ગોત્ર કર્મની 8 પ્રકૃત્તિ હોય છે, આઠ nature હોય છે. જાતિ, કુળ, બળ, રૂપ, તપ, સૂત્ર, લાભ અને ઐશ્વર્ય.

જો તમારા ઉચ્ચ ગોત્ર કર્મનો ઉદય હોય તો તમને શ્રેષ્ઠ જાતિ મળે, ઉચ્ચ કુળમાં જન્મ મળે. તમારું બળ, તમારી શક્તિ powerful હોય. તમારું રૂપ-સૌંદર્ય શ્રેષ્ઠ હોય, તમે શ્રેષ્ઠ તપ સાધના કરી શકો, તમને દરેક ક્ષેત્રમાં લાભ મળે, તમને સમાજમાં માન-સન્માન, પદ અને પ્રતિષ્ઠા મળે, સર્વ પ્રકારનું સુખ અને સાનુકૂળતાઓ મળે.

જો તમારા નીચ ગોત્ર કર્મનો ઉદય હોય તો તમને હલકી જાતિ, સામાન્ય કુળમાં જન્મ મળે, તમારી શારીરિક શક્તિ પણ નબળી હોય, તમારો દેખાવ સામાન્ય હોય, તમે કોઇ મોટી કે વધારે તપ સાધના ન કરી શકો, તમને મહેનતના પ્રમાણમાં લાભ ન મળે, સુખના સાધનો પણ સામાન્ય મળે.

ભગવાને કહ્યું છે; **'સંપત્તિ પુરુષાર્થથી નથી આવતી, સંપત્તિ પુણ્યથી આવે છે.'**

પુરુષાર્થ તો વર્ષો સુધી કરો, પણ result ત્યારે જ આવે જ્યારે ઉચ્ચ ગોત્ર કર્મનો ઉદય શરૂ થાય. ઉચ્ચ ગોત્ર કર્મનો ઉદય થાય તો એક નાનકડી dealમાંથી પણ ઘણો મોટો profit મળી જાય.

જે દિવસે તમારા ઉચ્ચ ગોત્ર પુણ્ય કર્મનો ઉદય શરૂ થઇ જાય તે દિવસથી તમારી સંપત્તિ વધવા લાગે, તમારી અનુકૂળતાઓ વધવા લાગે, તમને માન-સન્માન મળવા લાગે.

જેમના ઉચ્ચ ગોત્ર કર્મનો ઉદય હોય, તેઓ માસક્ષમણ જેવું તપ, 30 દિવસના ઉપવાસ પણ સહજતાથી કરી લે અને જેમના નીચ ગોત્ર કર્મનો ઉદય હોય તેઓ એક એકાસણું પણ મુશ્કેલીથી કરી શકે.

જો ઉચ્ચ ગોત્ર પુણ્ય કર્મના ઉદયથી જ બધાં પ્રકારની સાનુકૂળતાઓ અને શ્રેષ્ઠતા પ્રાપ્ત થતી હોય તો ઉચ્ચ ગોત્ર પુણ્ય કર્મનો બંધ કેવી રીતે થાય છે ?

ઉચ્ચ ગોત્ર પુણ્ય કર્મનો બંધ થાય છે, નમ્રતાથી, વિનયથી, વંદનાથી, નમવાથી, ઝૂકવાથી અને અહંકારને શૂન્ય કરવાથી !

તમે ઘણીવાર જોયું હશે, કેટલાંક બહેનો બહુ સરસ અથાણાં બનાવતા હોય, પણ જે દિવસે તેઓ કહે કે, 'મારા જેવા અથાણાં બનાવતા તો કોઇને ન આવડે,' એના 2-4 દિવસમાં જ એ બેનના અથાણાં બગડી જાય.

જે વ્યક્તિ એમ કહેવા લાગે કે, મારા જેવું પ્રવચન દેતાં તો કોઇને ન આવડે, બીજે દિવસે શું થાય ? જેવું પ્રવચન આપવાની શરૂઆત કરે

એટલે કાંઇ યાદ જ ન આવે, બોલતાં-બોલતાં અટકી જાય.

પ્રવચનના પ્રારંભ પહેલાં અમે નમસ્કાર મહામંત્ર દ્વારા મંગલાચરણ શા માટે કરીએ છીએ ?

અમે પરમાત્માનો વિનય કરીએ છીએ, પરમાત્માને કહીએ છીએ, હે પરમાત્મન્ ! અમારા દ્વારા જે વ્યક્ત થવાનું છે, એ આપની કૃપાથી થવાનું છે.

જ્યારે આપણે આપણા હૃદયમાં, આપણા અંતર આત્મામાં કૃપાના ભાવ લાવીએ છીએ, ત્યારે આપણામાં નમ્રતા પ્રગટ થવા લાગે છે, આપણા વાણી-વ્યવહારમાં politeness આવી જાય છે અને 'મેં કર્યું,' નો કતૃત્વ ભાવ આવતો નથી.

સંસારમાં એવા ઘણા લોકો હોય છે, જેમની પાસે અઢળક સંપત્તિ અને સમૃદ્ધિ હોય પણ જેમ જેમ અભિમાન આવતું જાય, તેમ તેમ businessમાં loss થતો જાય અથવા કોઇ એમની સાથે cheating કરી જાય, એમની deal cancel થઇ જાય અથવા બધાં કામ અટકી જાય.

**જ્યારે કોઇ વ્યક્તિ અહંકાર કરે છે, ત્યારે તેને નીચ ગોત્ર કર્મનો બંધ થાય છે.**

કેટલાંક એવા પણ હોય છે, 10-15 હજાર રૂપિયાની નોકરીથી શરૂઆત કરી હોય અને જીંદગીના છેલ્લા વર્ષ સુધી ત્યાંના ત્યાં જ હોય. તો કેટલાંક એવા પણ હોય જેમણે ચાની કીટલીથી, ચા ની નાનકડી દુકાનથી શરૂઆત કરી હોય અને પ્રધાનમંત્રીના પદ સુધી પહોંચી પણ ગયાં હોય અને ટકી પણ રહ્યાં હોય.

જેનામાં અહંકાર હોય છે, તે ત્યાંના ત્યાં જ રહે છે, એમની પ્રગતિ થતી નથી અને જેનામાં નમ્રતા હોય છે, નાના-મોટા પ્રત્યે વિનય હોય છે, એની પ્રગતિ થયાં વિના રહેતી નથી.

**અહંકારથી નીચ ગોત્ર કર્મનો બંધ થાય છે અને નમ્રતાથી ઉચ્ચ ગોત્ર કર્મનો બંધ થાય છે.**

Jainismનું એક secret છે. ઉચ્ચ ગોત્ર કર્મ કે નીચ ગોત્ર કર્મનું result વર્ષો પછી કે ભવો પછી નથી આવતું, એનું result આવી જાય છે 8 મુર્હૂતમાં એટલે કે 8 કલાકમાં !

જેવો અહંકાર કર્યો 8 કલાકમાં પરિણામ ભોગવવાનું શરૂ થઇ જાય. માટે જ, ક્યારેય પોતાની સંપત્તિ કે ક્ષમતાનો અહંકાર ન કરવો જોઇએ, પણ તમને શિખવાડનારનો ઉપકાર માનવો જોઈએ.

જ્યારે તમે શિખવાડનારનો ઉપકાર માનો છો, આભાર માનો છો ત્યારે તમારો અહંકાર down થવા લાગે છે.

જેમને credit દેતાં આવડે છે, એમની lifeમાં હંમેશાં પ્રગતિ હોય છે, એમને ક્યારેય વધારે loss થતો નથી, એમનો business ક્યારેય down ન થાય.

**પ્રભુનું એક સૂત્ર છે.**

।। विवत्ती अविणीयस्स,

संपत्ती विणियस्स य ।।

સુવિનીતને સંપત્તિ પ્રાપ્ત થાય છે અને અવિનીતને વિપત્તિ આવ્યાં કરે છે.

તમારી આસપાસ સામાન્ય વ્યક્તિ પણ હશે અને શ્રેષ્ઠીવર્ય પણ હશે. ઝૂંપડાંમાં રહેવાવાળા પણ હશે અને બંગલામાં રહેવાવાળા પણ હશે. મનુષ્ય તો બંને છે, તો પછી આવો ફરક શા માટે ? તમે એવું શું કર્યું હતું કે તમે બંગલામાં છો અને એણે એવું શું કર્યું છે કે એ ઝૂંપડાંમાં છે ?

ઘણીવાર તો એવું પણ બને કે બે સગા ભાઇઓ હોય, એમાં એક વાલ્કેશ્વરમાં રહેતાં હોય અને બીજા ભાઇ પોતાના દીકરાની schoolની fee માટે સહાય લેવા આવતા હોય.

એક ભાઇ કરોડપતિ અને એક ભાઇ સાવ સામાન્ય, આવું કેમ ? આવો difference શા માટે ?

કેમ કે, એ ભાઇએ કયાંક ને કયાંક, ક્યારેક ego રાખ્યો હશે, અભિમાન કર્યું હશે. મને કેમ કહ્યું નહીં, મને કેમ પૂછ્યું નહીં, એવો અહમ્ કર્યો હશે.

**જ્યારે તમારા ઉપર વિપત્તિનો attack આવે, ત્યારે તમારે તમારા મનના pocketમાંથી કર્મ સિદ્ધાંતની pills લઈ લેવાની.**

**મારી વિપત્તિનું કારણ મારો અહંકાર છે અને અહંકારના કારણે મારા નીચ ગોત્રકર્મનો ઉદય થયો છે. મારે હવે કોઇ વાતનો અહંકાર કરવો નથી. મારે વિનય વધારવો છે.**

જે અહંકાર કરે છે તે down થતાં જાય છે અને જે એકવાર down થાય છે, પછી એને up થતાં અંતો ક્રોડીક્રોડી સાગરોપમનો સમય લાગી જાય છે. એકવાર નીચ ગોત્ર કર્મનો ઉદય શરૂ થઇ જાય પછી ક્યારેક 8 ક્રોડાક્રોડી સાગરોપમ સુધી ભોગવવા પડતાં હોય છે.

**ઉચ્ચ ગોત્ર પુણ્ય કર્મનો બંધ કરવા વિનય અને નમ્રતાને વધારી દો અને અહંકારને શૂન્ય કરી દો.**



# સુખ ક્યાંથી મળે જાણવું છે ?

- પરમ ગુરુદેવ




કર્મ સિદ્ધાંતને જે સમજી લે છે, તેના ઘણા બધાં problems solve થઈ જાય છે.

તમે તમારા સુખ-દુ:ખના કારણ કોને માનો છો ? જ્યારે તમે તમારા સુખ-દુ:ખ માટે બીજાને નિમિત્ત માનો છો, ત્યારે તમે રાગ-દ્વેષ કરો છો, રાગ-દ્વેષ કર્મોના કારણે થાય છે. કર્મો પ્રમાણે સંયોગો પ્રાપ્ત થાય છે અને એ સંયોગોને તમે સુખ-દુ:ખનું કારણ માનો છો, એટલે એમાં તમે જે રાગ-દ્વેષ કરો છો, તેના કારણે ફરી કર્મનો બંધ કરો છો. જ્યારે એ કર્મનો ઉદય થાય છે, એનું ફળ ભોગવવાનો સમય આવે છે ત્યારે ફરી સંયોગો પ્રાપ્ત થાય છે. આમ આ ચક્ર ચાલુ જ રહે છે.

તમને શું લાગે છે, તમને અનંતકાળમાં ધર્મ નહીં મળ્યો હોય ? ધર્મ તો ઘણીવાર મળ્યો છે, પણ ધર્મ કરવાનો જેટલો પુરુષાર્થ કર્યો છે, એટલો પુરુષાર્થ કર્મો ક્ષય કરવા માટે નથી કર્યો. ધર્મ કરવાનો પુરુષાર્થ કર્યો છે પણ કર્મબંધ ન થાય, એ માટે વધારે પુરુષાર્થ નથી કર્યો. એટલે ધર્મ તમારા માટે શુભ સંયોગ થઈ ગયો. શુભ સંયોગમાં શુભ કર્મનો બંધ થાય, પુણ્યનો બંધ થાય, જેના કારણે સુખ મળે, સુખમાં તમે આસક્ત થઈ ગયાં તો પાપનો બંધ થાય. આમ પુણ્ય-પાપ, સુખ-દુ:ખનું ચક્ર ચાલતું જ રહે.

કોઈએ પ્રભુ મહાવીરને પૂછ્યું,

ભગવાન ! તમે સાધના કરવા જંગલમાં કેમ જાવ છો ?

ભગવાને કહ્યું,

જ્યાં સંયોગ છે, ત્યાં રાગ-દ્વેષ છે,<br>
જ્યાં રાગ-દ્વેષ છે, ત્યાં કર્મો છે,<br>
જ્યાં કર્મો છે, ત્યાં કર્મો અનુસાર સંયોગો છે,<br>
જ્યાં સંયોગો છે, ત્યાં ફરી રાગ-દ્વેષ છે,<br>
જ્યાં રાગ-દ્વેષ છે, ત્યાં ફરી કર્મો છે.

મારે આ કર્મના ચક્રમાંથી મુક્ત થવું છે, એટલે હું સંયોગોથી દૂર જાઉં છું.

**જ્ઞાની અને અજ્ઞાનીમાં શું ફરક હોય ?**

જ્ઞાની હોય એ હંમેશાં માટે સુખ-દુ:ખના કારણને ક્ષય કરવાનો વિચાર કરે, એ માટે પુરુષાર્થ કરે. જ્યારે અજ્ઞાની હંમેશા સુખની ઈચ્છા રાખે, સુખની ચાહના કરે અને સુખ મેળવવાના પ્રયત્નો કરે.

જેમની અંદર સુખની ઈચ્છા છે, સાનુકૂળતાની ઈચ્છા છે, સુખની પ્રિયતા છે, તે અજ્ઞાની છે.

સુખ પ્રાપ્તિનો પુરુષાર્થ કર્મબંધનો પુરુષાર્થ હોય અને એ કર્મબંધના પુરુષાર્થના કારણે એને કર્મબંધ થશે, કર્મ પ્રમાણે સંયોગો મળશે, સંયોગોમાં રાગ-દ્વેષ કરશે અને ફરી કર્મબંધ કરશે. આમ એના સંસારનું ચક્ર ચાલ્યા જ કરશે.

**સંસારનું મૂળ છે સુખની ઈચ્છા !**

જે સુખની દિશામાં ગયા, તે સંસારની દિશામાં ગયાં, જે સત્યની દિશામાં ગયાં, તે મોક્ષની દિશામાં ગયાં.

જેની અંદરમાં સુખ બુદ્ધિ હોય, તે સુખ વિના રહી જ ન શકે. તે હર એક વ્યક્તિ, વસ્તુ અને વાતાવરણમાં સુખ શોધે. જ્યાં સુધી સુખ ન મળે, ત્યાં સુધી એને ચેન ન પડે અને સુખ મળી જાય એટલે એકદમ happy થઈ જાય.

**કર્મ સિદ્ધાંત અનુસાર દરેક સુખ પુણ્યથી મળે છે અને દુ:ખ પાપથી મળે છે.**

દુનિયાનું એક પણ સુખ એવું નથી, જે પુણ્ય વિના પ્રાપ્ત થાય !

પુણ્ય વગર જે સુખ પ્રાપ્ત થાય, એ માત્ર વીતરાગીનું સુખ હોય, કેવળજ્ઞાનીનું સુખ હોય, એ સંસારીનું સુખ ક્યારેય ન હોય, સંસારીનું સુખ તો માત્ર પુણ્યથી જ હોય.

પુણ્યથી પ્રાપ્ત સુખની પ્રાપ્તિના 4 કારણો હોય છે.

(1) શાતા વેદનીયકર્મ<br>
(2) શુભ આયુષ્યકર્મ<br>
(3) શુભ નામકર્મ<br>
(4) ઉચ્ચ ગોત્રકર્મ

શાતા વેદનીયકર્મના કારણે શાતા મળે છે.

શુભ આયુષ્યકર્મના કારણે મનુષ્ય ભવ અથવા દેવલોક મળે છે.

શુભ નામકર્મના કારણે શરીરના રંગ-રૂપ અને સૌંદર્ય મળે છે.

ઉચ્ચ ગોત્રકર્મના કારણે ઉત્તમ કુળ, જાતિ, બળ, રૂપ, તપ, સૂત્ર, લાભ અને ઐશ્વર્ય મળે છે.

શુભ સંયોગોથી સુખ મળે છે, અશુભ સંયોગોથી દુ:ખ મળે છે.

કોઈ એમ કહે કે, અમે આટલી સંપત્તિ અમારી મહેનતથી કમાયા છીએ, અમે કહીએ, તમે તે સંપત્તિ તમારા પુણ્યથી કમાણા છો.

ઘણા માનતા હોય છે કે, અમારું brain powerful છે, અમારી બુદ્ધિ જોરદાર છે એટલે અમે સફળ છીએ, એટલે અમે આટલી income કરી શકીએ છીએ.

કર્મ સિદ્ધાંત કહે છે, brainથી ક્યારેય ધન-સંપતિ પ્રાપ્ત ન થાય, brainથી ક્યારેય success ન મળે, brainથી ક્યારેય સુખ ન મળે. Brain ગમે તેટલું powerful હોય પણ જો good luck ન હોય, શાતા વેદનીય કર્મનો ઉદય ન હોય, શુભ આયુષ્યકર્મનો ઉદય ન હોય, શુભનામ કર્મનો ઉદય ન હોય અને ઉચ્ચ ગોત્ર કર્મનો ઉદય ન હોય તો, ન ધન-સંપત્તિ મળે, ન સુખ મળે, ન success મળે.

કેટલાંય લોકો એવા હોય છે, જેમની પાસે વધારે powerful brain ન હોય પણ, આ ચાર પ્રકારના કર્મોના ઉદયના કારણે, પુણ્યના ઉદયના કારણે, એ right timeમાં, right decision લઈ શકે અને એના કારણે કરોડો રૂપિયા કમાઈ શકે. એને સાચું decision લેવામાં સહાયક હોય છે, એના પુણ્ય કર્મ !

**પુણ્ય વધારવાથી સંપત્તિ વધારી શકાય કે, પુરુષાર્થ વધારવાથી સંપત્તિ વધારી શકાય ?**

**પુણ્ય વધારવાથી સંપત્તિ વધારી શકાય.**

**જ્યારે તમારા ઉપર સુખવૃદ્ધિનો attack આવે, ત્યારે તમારે તમારા મનના pocketમાંથી કર્મ સિદ્ધાંતની pills લઈ લેવાની.**

**No! સુખી થવા માટે વધારે મહેનત કરવાની જરૂર નથી. સુખી થવા માટે વધારે સત્કાર્યો, વધારે સેવા કરવાની જરૂર છે. સેવા અને સત્કાર્યો કરીશ તો મારા good luck વધશે અને good luck વધશે તો by product 'સુખ' મળી જ જશે !**

ઘણાના મનમાં સતત ભાવ હોય કે, મારો ભાઇ કેટલો સુખી છે, હું એના કરતાં વધારે વ્યક્તિઓને ઓળખું છું, વધારે મિત્રો છે, પણ એના જેવું સુખ મારી lifeમાં નથી. મારે પણ એના જેવી સુખ-સગવડતાઓ અને સુખના સાધનો દ્વારા મારા પરિવારને સુખી કરવો છે. હું હજી વધારે મહેનત કરીશ, નવો કોઇ business કરીશ.

તો શું કરવું જોઈએ ?

વ્યક્તિએ 12 કલાક businessમાં પુરુષાર્થ કરવો જોઈએ કે 12 કલાકમાંથી 4 કલાક પુણ્ય વધારવાનો પુરુષાર્થ કરવો જોઈએ ?

**પુણ્યને વધારી દો, સુખ automatic મળી જ જશે.**

આજ સુધી તમે સંપત્તિ વધારવાનો પુરુષાર્થ કર્યો, જ્યારે જરૂર હતી પુણ્ય વધારવાના પુરુષાર્થ કરવાની! જેમની પાસે પુણ્યનો stock હોય, એ ઓછી મહેનતે પણ વધારે કમાઈ શકે છે. જેમના પુણ્યનો stock ઓછો હોય, એ ગમે તેટલી મહેનત કરે, એ વધારે પ્રાપ્ત કરી શકતાં નથી.

કર્મ સિદ્ધાંતને સમજીને તમારા thinkingને change કરો, તમારી સોચને બદલો.

ભગવાને કહ્યું છે, **જે કર્મ સિદ્ધાંતને સમજી લે છે, એને lifeમાં problems આવતા નથી, કર્મના ઉદયે આવી જાય તો વધારે ટકતાં નથી અને તે પરિસ્થિતિમાં પણ તે શાંત અને સમાધિભાવમાં રહી શકે છે.**

શ્રી ઉપાસકદશાંગ સૂત્રમાં પ્રભુના શ્રાવકોની વાત આવે છે, કેવા હતાં પ્રભુના શ્રાવકો ?

પ્રભુના શ્રાવકોની lifeમાં ક્યારેય કોઈ problems ન આવતાં, કેમ કે, એમનો સંપત્તિ કરતાં પુણ્ય કમાવાનો પુરુષાર્થ વધારે હતો. એમના ઘરે આવનાર કોઈ પણ યાચક ક્યારેય ખાલી હાથે પાછા ન જતાં. તેઓ જાણતાં હતાં કે, આ અમે આપતાં નથી પણ અમારી કર્મોની bankમાં જમા કરાવીએ છીએ.

અત્યારે શું થાય છે ?

Donation આપ્યાં પછી વ્યક્તિ નામની, તક્તીની, ફોટાની, સન્માનની અપેક્ષા રાખે છે, જેના કારણે આપવા છતાં એના પુણ્ય ઓછા થઈ જાય છે, જ્યારે જે વ્યક્તિ નામ, તક્તી, સન્માન કે ફોટાની અપેક્ષા વિના અર્પણ કરે છે ત્યારે તેના પુણ્ય double થઈ જાય છે. એક અર્પણ કરવાનું પુણ્ય અને એક અર્પણ કર્યા પછી અહંકાર ન કરવાનું પુણ્ય !

**સૌજન્ય : શ્રી મોદી પરિવાર, વિલે પાર્લે**



# Memories વારંવાર attack કરે છે ?

**- પરમ ગુરુદેવ**



**કર્મ સિદ્ધાંતની આ pills લ્યો !**

કર્મ સિદ્ધાંતને જે હર પળ હર ક્ષણ અનુભવમાં લાવે છે, તે lifeના ઘણા બધાં problemsમાંથી બહાર પણ આવી શકે છે અને ઘણા બધાં problemsને ભૂલી પણ શકે છે. કેમ કે, આપણી life પર આપણા past, present અને future ત્રણેની અસર થતી હોય છે.

તમે ઘણીવાર જોયું હશે કે, એક 'મા' એના બાળકને ખૂબ જ પ્રેમથી, વહાલથી બોલાવે છે પણ એનું બાળક એના ઉપર ગુસ્સો કરે છે, એનો તિરસ્કાર કરે છે, એનું અપમાન કરે છે અને એની પાસે પણ નથી જતો. **આવું કેમ થાય છે ?**

ઘણીવાર એવું બને કે પત્નીએ ખૂબ જ પ્રેમથી, ખૂબ જ સ્વાદિષ્ટ અને ભાવતી રસોઈ બનાવી હોય, છતાં જ્યાં એના husband officeથી ઘરે આવે, ત્યારે કારણ વગર પત્ની પર ગુસ્સો કરે, રસોઈમાં કંઈક ને કંઈક વાંધો કાઢે. **આવું કેમ થાય છે ?**

ક્યારેક એવું પણ બને, તમે best project બનાવ્યો હોય, એકદમ perfect હોય, છતાં જ્યારે તમે તમારો તે project તમારા bossને બતાવો છો, ત્યારે તે એમાંથી કંઈક ભૂલ કાઢી તમારું insult કરે છે, તમને ignore કરે છે. **આવું કેમ થાય છે ?**

ઘણીવાર તમારી સાથે એવું બનતું હશે કે, તમે નિ:સ્વાર્થ ભાવે, શુભ ભાવથી કોઈની care કરો, કોઈની સેવા કરો અને lastમાં તમને એવું કંઈક સંભળાવી દે કે તમને એમ થાય કે મારી સાથે **આવું કેમ થાય છે ?**

**આવા પ્રસંગો તમારી lifeમાં ક્યારેક બનતા હોય છે કે વારંવાર બનતાં હોય છે ? ઘણીવાર બનતાં હોય છે.**

**આવું કેમ થાય છે ?**

ભગવાને કહ્યું છે, જે કોઈ સ્થિતિ સર્જાય છે, તેમાં ત્રણ વસ્તુઓ effect કરે છે:
(1) નિમિત્તો (2) કર્મોનો ઉદય (3) memories

'મા' બાળકને ખૂબ જ પ્રેમથી, વહાલથી બોલાવે છે, પણ બાળક 'મા' નું અપમાન કરે છે, તિરસ્કાર કરે છે.

આ સ્થિતિમાં 'મા' ના કર્મોનો ઉદય એવો હતો એટલે એને અપમાન અને તિરસ્કાર મળે છે કે, બાળકનો nature એવો છે એટલે બાળક એની 'મા' સાથે આવો વ્યવહાર કરે છે ?

પરમાત્માએ ત્રણ શબ્દો બતાવ્યાં છે :
(1) ઋણાનુબંધ (2) રાગાનુબંધ (3) દ્વેષાનુબંધ.

**ઋણાનુબંધ -** જેમાં તો વ્યક્તિ માટે unconditional love હોય, અર્પણતાના ભાવ હોય.

**રાગાનુબંધ -** જેમાં તે વ્યક્તિ પ્રત્યે રાગ અને આકર્ષણના ભાવ હોય.

**દ્વેષાનુબંધ -** જેમાં તે વ્યક્તિ પ્રત્યે કારણ વિના દ્વેષ થાય, ગુસ્સો આવે.

રાગાનુબંધમાં રાગ થવાનું કારણ હોય છે, pastની રાગની memories અને દ્વેષાનુબંધમાં દ્વેષ થવાનું કારણ હોય છે, pastની દ્વેષની memories!

ઘણા coupleમાં કેવું બનતું હોય છે કે, લગ્નના પ્રથમ મહિનાથી જ અણબનાવ શરૂ થઈ જાય અને લગ્નના 25 વર્ષ પૂરાં થાય, ત્યાં સુધી અણબનાવ ચાલુ રહે. પછી કહે, હું એને સમજી શકતો નથી, એ મને સમજી શકતી નથી, એટલે રોજ અમારી વચ્ચે કંઈક ને કંઈક થયાં જ કરે છે.

આ કંઈક થવાનું કારણ છે દ્વેષાનુબંધ !

Pastની દ્વેષ memories સાથેનું connection છે, બાળક 'મા' સાથે અપમાનજનક વ્યવહાર કરે છે એની પાછળ બાળકના મનમાં pastની દ્વેષની memories પડેલી છે, pastની negative memories પડેલી છે, જેવી એ negative memories બહાર આવે છે, એટલે એ એવા પ્રકારના કર્મોનો ઉદય લઈને આવે છે જે નિમિત્ત બની જાય છે. 'મા' ના એવા કર્મોનો ઉદય થઈ ગયો, એટલે 'મા' ને પ્રેમ અને વહાલના બદલે અપમાન અને તિરસ્કાર મળે છે.

ઘણીવાર એવું પણ બનતું હોય, કોઈ

વ્યક્તિ તમારા પર વારંવાર ગુસ્સે થતી હોય, છતાં તમને એને છોડીને જવાનું મન ન થાય અને એમના પ્રત્યે સ્નેહ થાય, લાગણી થાય.

કેમ કે, pastનું ઋણાનુબંધ હોય અથવા રાગાનુબંધ હોય.

રાગાનુબંધ અને દ્વેષાનુબંધ એ pastની રાગ memories અને દ્વેષ memories હોય છે.

Pastમાં જે ઘટના બની હોય, એની image memoriesમાં એવી set થઈ ગઈ હોય કે તે પાત્રને જોતાં જ તે બહાર આવી જાય અને કર્મોનો ઉદય કરાવવામાં નિમિત્ત બની જાય.

**રાગાનુબંધ અને દ્વેષાનુબંધ મોહનીય કર્મના ઉદયમાં નિમિત્ત બને છે.**

'મા' ને થાય છે, હું મારા બાળકની આટલી બધી care કરું છું, એને આટલું વહાલ કરું છું, આટલાં પ્રેમથી રાખું છું, સાચવું છું, છતાં મારી સાથે કેમ તિરસ્કારભર્યો વ્યવહાર કરે છે ?

કર્મનો સિદ્ધાંત સમજાવે છે, તમે માત્ર વર્તમાનને જુઓ છો, તમે માત્ર આ ભવના 5-25 કે 50 વર્ષને જુઓ છો પણ કેવળજ્ઞાની પરમાત્મા ત્રણે કાળને જુએ છે, તેઓ past, present અને future ત્રણેને જુએ છે.

આ ભવમાં 'મા' એ બાળકને માત્ર પ્રેમ અને વહાલ આપ્યાં છે, પણ બની શકે છે, pastમાં, ગયા જન્મમાં કે એની પહેલાંના કોઈ જન્મમાં બંને વચ્ચે કોઈ એવી ઘટના બની હશે, જેની negative effect બાળકની memoriesમાં image બનીને set થઈ ગઈ હોય !

કોઈપણ વ્યક્તિનું જ્યારે મૃત્યુ થાય છે, ત્યારે તેની સાથે શું જાય છે ? અહીંયાથી બીજા જન્મમાં એ શું સાથે લઈ જાય છે ? ધન-દોલત, સંપત્તિ, પરિવાર કોઈ વ્યક્તિ કે કોઈ વસ્તુ લઈ જાય છે ? ના !

**મૃત્યુ પછી આત્માની સાથે બે વસ્તુ જાય છે, કર્મો અને memories !**

ભગવાને કહ્યું, આ બે જ વસ્તુ આત્મા સાથે next ભવમાં જાય છે, કેમ કે, બાકીની બધી વસ્તુઓ ગુરુ-લઘુ હોય છે, એટલે કે ભારે હોય છે અથવા હલકી હોય છે. કર્મો અને memories અગુરુ-લઘુ હોય છે, ન ભારે, ન હલકા !

ઘણા બધાં લોકોને અલગ અલગ પ્રકારની allergy હોય છે. કોઈને dustની allergy હોય તો કોઈને dryfruitની, કોઈને paintની allergy હોય તો કોઈને કોઈ પદાર્થની allergy હોય !

થોડાં દિવસ પહેલાં અમારી પાસે એક બાળક આવ્યો હતો એના મમ્મી સાથે ! એ બાળકને કાજુની allergy હતી. જેવો એ કાજુનો ટુકડો મોઢામાં મુકે, એના body પર લાલ-લાલ ચાંઠા થઈ જાય. તરત જ reaction આવવા લાગે. એની અંદરમાં આ કાજુની allergy આવી ક્યાંથી ?

Alergy આવે છે ક્યાંથી ?

ઘણા લોકો allergyની દવા પણ લેતાં હોય છે, પણ શું દવાથી allergy મટે ખરી ? ના ! કેમ કે, allergy હોય છે જનમ... જનમ... જનમનું negative reaction, જનમ... જનમ... જનમની negative memories !

બની શકે છે, તે બાળકનો ક્યારેક કાજુની અંદર જન્મ થયો હોય અને ત્યાં જ મૃત્યુ થઈ ગયું હોય. બની શકે છે ક્યારેક કાજુનો ટુકડો ગળામાં કે શ્વાસનળીમાં ફસાઈ ગયો હોય અને એનું મૃત્યુ થઈ ગયું હોય, એના કારણે એના આત્મામાં કાજુ માટે negative memories પડી હોય અને એ જ્યાં જન્મ લે ત્યાં એ negative memories બહાર આવે અને એનું negative reaction આવે.

માટે જ, કહેવાય છે કે pastની memories અને pastના કર્મો બંને વર્તમાનમાં effect કરે છે.

**જ્યારે તમારા ઉપર memoriesનો attack આવે, ત્યારે તમારે તમારા મનના pocketમાંથી કર્મ સિદ્ધાંતની pills લઈ લેવાની.**

**અત્યારે મારા અશુભ કર્મોનો ઉદય છે, માટે તે મારી સાથે આવો દુર્વ્યવહાર કરે છે. એ તો માત્ર નિમિત્ત છે, કારણ તો મારા કર્મો છે.**

જો તમારા અશુભ કર્મોનો ઉદય ન હોય તો સામેવાળી વ્યક્તિ તમારું અપમાન કરી ન શકે ? તમારી સાથે negative ન થઈ શકે ? તમારી સાથે દુર્વ્યવહાર કરી ન શકે.

**જે કર્મોને સમય પહેલાં ઉદયમાં લાવવામાં આવે તેને કહેવાય છે ઉદિરણા !**

'મા' ના એવા કોઈ કર્મોનો ઉદય નથી કે કોઈ એનું insult કરે, કોઈ એને ignore કરે, કોઈ એની સાથે bad behaviour કરે, પણ બાળકના મનમાં રહેલી negative memories બહાર આવી, એ negative memoriesના નિમિત્તના કારણે બાળક 'મા' સાથે negative વ્યવહાર કરે છે. મા ના તે કર્મો અત્યારે ઉદયમાં આવી ગયાં એટલે એને એ કર્મો અત્યારે ભોગવવા પડે છે. એનું અપમાન થાય છે, એનો તિરસ્કાર થાય છે.



# ઉદયને નિષ્ફળ બનાવવો છે ?

**- પરમ ગુરુદેવ**



**કર્મ સિદ્ધાંતની આ pills લ્યો !**

જ્યાં સુધી emotions છે, ત્યાં સુધી રાગ અને દ્વેષ છે.

કોઈ વ્યક્તિ એકદમ શાંતિથી બેઠી છે. શાંતિથી પોતાનું કામ કરે છે અને અચાનક જ એ સામે જે વ્યક્તિ હોય, એના ઉપર ગુસ્સો કરવા લાગે છે, એની સાથે bad behaviour કરવા લાગે છે. આવેશમાં આવી ગમે તેવા શબ્દો બોલવા લાગે છે.

તમને એમ થાય કે, અચાનક આ ભાઈને શું થઈ ગયું ? એકદમ શાંત અને normal હતાં અને અચાનક ક્રોધિત કેમ થઈ ગયા ?

કેમ કે, એણે ભૂતકાળમાં જે ક્રોધના કર્મોનો બંધ કર્યો હતો, એનો અબાધાકાલ પૂરો થઈ જવાથી, તે કર્મો ઉદયમાં આવ્યાં એટલે કોઈપણ કારણ વગર એને ગુસ્સો આવી ગયો. આને કહેવાય કર્મનો ઉદય સફળ થઈ ગયો.

જ્યારે કર્મોનો ઉદય સફળ થાય છે, ત્યારે વ્યક્તિ વગર કારણે અને વગર નિમિત્તે કાંઈ પણ કરવા લાગે છે, ત્યારે કહેવાય છે કે,

**આત્મા ઉદયને આધીન થઈ ગયો.**

જ્યારે પણ તમારી સાથે આવું બને, કાંઈ પણ કારણ વિના, કોઈપણ ભૂલ વિના કોઈ તમારા ઉપર ગુસ્સો કરે, ત્યારે તમારા અંદરથી એક અવાજ આવવો જોઈએ.

**આ જીવ ઉદયને આધીન થઈ ગયો છે.**

તમારે એ નહીં વિચારવાનું કે, મારાથી તો કાંઈ ભૂલ થઈ નથી, મેં કાંઈ ખોટું કર્યું નથી, તો મારા પર કેમ ગુસ્સો કરે છે ? તમારે આવા બધાં વિચારો કરીને upset નહીં થવાનું. માત્ર એક જ વિચાર કરવાનો.

એ જીવ અત્યારે ઉદયને આધીન છે. જ્યારે તમે આવો વિચાર કરો, ત્યારે શું થાય ?

કર્મ સિદ્ધાંતની આ pills તમારા ઉપર થતાં એના ક્રોધના attackને શાંત કરી દેશે.

તમારું મન પણ શાંત અને વિચારો પણ શાંત થઈ જશે.

જો આ સમજ ન હોય તો શું થાય ?

તમને પણ એના પર ગુસ્સો આવે. તમે એના ઉપર ગુસ્સો કરો. તમને એ ગુસ્સાના કર્મનો બંધ થઈ જાય અને બની શકે એ કર્મ જ્યારે ઉદયમાં આવે, ત્યારે તમે પણ તે વ્યક્તિની જેમ કારણ વિના કોઈના ઉપર ગુસ્સો કરવા લાગો !

કર્મ સિદ્ધાંતની આ pills, આ નાનકડી સમજ તમને તમારી lifeમાં કેટલી ઉપયોગી થઈ શકે ? આ સમજ તમને ક્યારેક જ કામ લાગે કે દરરોજ કામ લાગે ?

જ્યારે પણ તમે કોઈ કારણ વગર ગુસ્સે થતી વ્યક્તિને જુઓ, ત્યારે સમજની આ pills લઈ લેવાની અને મનને કહેવાનું,

એના એ પ્રકારના કર્મોનો ઉદય શરૂ થઈ ગયો છે. એ એના ઉદયને નિષ્ફળ નથી બનાવી શક્યા, મારે એના ઉદયમાં ભળવું નથી. મારે એના ઉદયમાં, મારા ઉદયને સફળ નથી બનાવવો. મારે તો મારા ઉદયને નિષ્ફળ બનાવવો છે. તે ઉદયને આધીન છે, મારે ઉદયને પરાધીન બનાવવો છે.

એક દિવસ હું અશાંત હતો, upset હતો. મારી સાથે પણ આવું જ કંઈક બન્યું હતું એટલે મેં તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવને વાત કરી, એમને આજીવન મૌન હોવાથી, એમણે પાટીમાં લખીને ભાવ પ્રગટ કર્યાં, ભાવોને અક્ષરરૂપે પ્રગટ કર્યાં.

**તે જીવ ઉદયને આધીન છે, શું તારે ઉદયને પરાધીન થવું છે ?**

આ એક ભાવ મારા માટે **ગુરુમંત્ર** બની ગયાં. ગુરુના મુખમાંથી જે ભાવ પ્રગટ થાય, તે શિષ્ય માટે માત્ર હિતકારી જ ન હોય, આત્માના અનંત હિત, શ્રેય અને કલ્યાણનું કારણ હોય. આ સમજ તમારી સોચને પણ બદલી દે છે.

અકારણ ગુસ્સો કરનાર વ્યક્તિ પ્રત્યે તમારા ભાવ પણ ઋજુ થઈ જાય. આ ભાઈ તો સારા છે, એમનો nature પણ શાંત છે, પણ pastમાં એમણે ગુસ્સો કર્યો હશે અને કર્મ બાંધ્યા હશે એ કર્મો અત્યારે ઉદયમાં આવ્યાં છે એટલે એમને ગુસ્સો નથી કરવો, છતાં એમનાથી ગુસ્સો થઈ જાય છે. મારે એમના પ્રત્યે કોઈ દ્વેષ

ભાવ રાખવો નથી. મારે કોઈ reactions આપવા નથી.

ભગવાને કહ્યું છે,

જે નિકાચિત કર્મો હોય તે એકવાર ઉદયમાં આવે એટલે એને ભોગવવા જ પડે, પણ જે નિદ્ધત કર્મો હોય એને change કરી શકાય. એ કર્મોનું સંક્રમણ કરી એના ઉદયને નિષ્ફળ બનાવી શકાય.

સામેવાળાનો ગુસ્સાના કર્મોનો ઉદય છે, તો તમે વિચાર કરશો કે, **તે જીવ અત્યારે ઉદયને આધીન છે,** પણ જો તમારા ગુસ્સાના કર્મોનો ઉદય હોય તો તમે શું કરો ?

જો એ સમયે તમારા નિદ્ધત કર્મનો ઉદય હોય તો તમને કદાચ ગુરુ યાદ આવી જાય, ગુરુની વાત યાદ આવી જાય અને તમે ઉદયને નિષ્ફળ બનાવી શકો. તમે શાંત થઈ શકો, પણ જો નિકાચિત કર્મનો ઉદય હોય તો તમે એમાં તો કોઈ change ન કરી શકો.

જે સમયે પ્રભુ મહાવીર મૌન ભાવે વૃક્ષ નીચે આત્મ સાધનામાં લીન-તલ્લીન હતાં, એ સમયે એક ગોવાળ એમની પાસે બળદો મૂકી જાય છે અને કહેતો જાય છે, મારા બળદોનું ધ્યાન રાખજો. પ્રભુ આંખ બંધ કરી સાધનામાં લીન છે, બળદો તો આગળ ક્યાંક ચરવા ચાલ્યાં ગયાં.

જ્યારે ગોવાળ પાછો આવે છે, ત્યારે બળદો ન જોતાં ધ્યાનસ્થ પ્રભુને પૂછે છે, મારા બળદ કયાં છે ?

જવાબ ન મળતાં તે ગુસ્સે થાય છે અને પ્રભુ પર આક્ષેપ કરે છે, નક્કી તે મારા બળદો ચોરી લીધાં છે. તું ચોર લાગે છે.

બીજો આક્ષેપ આવ્યો, નક્કી તે મારા બળદો કોઈને વેચી દીધાં લાગે છે.

તે જ ભવમાં ભગવાન બનવાવાળી વ્યક્તિ ઉપર પણ કેવા આક્ષેપ આવ્યાં ?

તમારી ઉપર આવા કોઈ ખોટા આક્ષેપ આવે, ત્યારે તમારો ઉદય સફળ થઈ જાય કે નિષ્ફળ થાય ?

તમારો ઉદય સફળ થઈ જાય.

**જ્યારે તમારો ઉદય સફળ થતો જણાય, ત્યારે તમારે તમારા મનના pocketમાંથી કર્મ સિદ્ધાંતની pills લઈ લેવાની.**

**મારે મારા ભાવો પર control રાખવો છે. દુઃખ ભલે આવ્યું, પણ મારે એ દુઃખમાં દુઃખી નથી થવું. મારે મારા મોહનીય કર્મના ઉદયને નિષ્ફળ બનાવવો છે.**

પ્રભુ મહાવીર એમના ભાવો અને કર્મો ઉપર control કરી શકે એટલાં ઉચ્ચ કક્ષાના શ્રેષ્ઠ સાધક હતાં. એટલે પ્રભુ દરેક આક્ષેપ વખતે શાંત રહ્યાં, સમભાવમાં રહ્યાં, મૌન રહ્યાં.

ગોવાળ વધારે ગુસ્સે થયો અને નીચે પડેલાં તીક્ષ્ણ ધારવાળા કાંટા પ્રભુના કાનમાં ઠોકી દીધાં, જ્યારે પ્રભુના કાનમાં એ શલ્ય નાંખ્યા હશે, ત્યારે પ્રભુને કેટલી વેદના થઈ હશે ? વેદના જરૂર થઈ હશે પણ વેદન જરાપણ ન હતું.

વેદના આવવી એ અશાતા વેદનીય કર્મનો ઉદય હોય છે અને વેદન અનુભવવું એ મોહનીય કર્મનું કારણ હોય છે.

**દુઃખ આવવું એ કર્મોને આધીન છે અને દુઃખી થવું એ મોહને આધીન છે. અજ્ઞાનને કારણે છે.**

પ્રભુ મહાવીર સમતા ભાવમાં રહીને ઉદયને નિષ્ફળ બનાવવા લાગ્યાં.

ગોવાળ તો કાનમાં કાંટા મારીને ચાલ્યો ગયો. કાંટા એમ જ પ્રભુના કાનમાં છે.

યાદ રાખવું, જેમ કોઈ મારવાવાળા હોય છે, તેમ કોઈ ઉગારવાવાળા હોય છે.

ત્યાં જ એક વૈદ્ય આવે છે અને પ્રભુના કાનમાંથી કાંટા કાઢે છે.

અત્યાર સુધી પ્રભુને વેદના હતી પણ વેદન ન હતું પણ જેવા કાંટા બહાર કાઢ્યાં પ્રભુના મુખકમલમાંથી એક **આહ** નીકળી ગઈ.

પ્રભુ મહાવીરે દીક્ષા લીધી ત્યારથી કેવળજ્ઞાન પ્રગટ કર્યું ત્યાં સુધી બધાં જ કર્મોના ઉદયને નિષ્ફળ બનાવ્યાં હતાં. બસ, કાંટા કાઢતી વખતે એક આહ નીકળી, એ એક જ ઉદય સફળ થઈ ગયો.

**ઉદય જ્યારે સફળ થાય છે, ત્યારે આપણે એમાં ભળી જઈએ છીએ અને ઉદય જ્યારે નિષ્ફળ થાય છે, ત્યારે ઉદયજન્ય સ્થિતિઓમાં પણ ભળતાં નથી.**

ગુસ્સો આવવો એ કર્મોનો ઉદય છે અને ગુસ્સો અનુભવવો એ તમારો મોહ ભાવ હોય છે.

જો તમે હર સમય જાગૃત રહો છો, તો તમે નિદ્ધત કર્મના ઉદયને નિષ્ફળ બનાવી શકો છો.

ઉદયને નિષ્ફળ કરવો એ ધર્મનો એક પ્રકાર છે અને ઉદયને સફળ કરવો એ અધર્મ છે.

ઉદયને નિષ્ફળ બનાવવા એક વાક્ય સદાય યાદ રાખવું,

તે જીવ ઉદયને આધીન થઈ ગયો છે, હમણાં એનો ઉદય પૂરો થઈ જશે, તે શાંત થઈ જશે. મારે ઉદયને પરાધીન થવું નથી.

**સૌજન્ય : શ્રી ગુરુભક્ત, જુનાગઢ**



# આત્મ શ્રેયસ્કર
# સમાધાન આપોને ગુરુદેવ!

**પ્રશ્ન 1:** ગુરુદેવ! કાલે એક દૃશ્ય જોયું. ગુરુદેવ! એક કસાઈએ એક મુર્ગાને કાપ્યો અને એનું માંસ એક ઘરાકને વેચ્યું. ગુરુદેવ! આમાં દોષી કોણ ?

**પરમ ગુરુદેવ:** આમાં દોષી મુર્ગાને કાપનાર છે, મુર્ગાનું માંસ લેનાર ઘરાક છે અને સ્વયં જે કપાયો છે એ મુર્ગો પણ દોષી છે.

જે કપાયો એ મુર્ગાએ ભૂતકાળમાં કોઈને કાપ્યો છે, એટલે આજે એને કાપવાવાળું કોઈ આવ્યું અને એને કપાવું પડ્યું.

કસાઈ જેણે મુર્ગાને કાપ્યો, એને આજીવિકાની, રૂપિયાની જરૂર છે, સંપત્તિની આસક્તિ છે, એટલે એણે આવી ક્રૂર હિંસા કરી, એનું પાપ એને લાગે છે.

ઘરાક જે માંસ ખાવાનો શોખીન છે અથવા એના ઘરમાં એ જ પરંપરા છે. ભૂતકાળમાં એને પ્રભુનો ધર્મ નહીં મળ્યો હોય અથવા ધર્મ મળવા છતાં પ્રભુ ધર્મની આરાધના નહીં કરી હોય એટલે આવા પરિવારમાં જન્મ થયો. એ આવા હિંસાથી થયેલા પદાર્થ ખરીદે છે અને ખાય છે એટલે એ પણ દોષી છે.

એટલે ત્રણે દોષી છે.

જે કપાય છે એ દોષી છે, કેમ કે, જો એણે ભૂતકાળમાં કોઈને કાપ્યા ન હોત, એવા કર્મો બાંધ્યા ન હોત તો આજે એને કપાવું ન પડત, એટલે એ સૌથી વધારે દોષી છે.

જે કાપે છે એના કરતાં જે કપાય છે, તે વધારે દોષી હોય છે.

માટે જ, આ ભવમાં જે પ્રભુનો ધર્મ મળ્યો છે, એનું યથાર્થ પાલન કરવું જોઈએ.

**પ્રશ્ન 2:** ગુરુદેવ! આત્માના ભાવો નિમિત્ત આધારિત હોય છે, પણ માનો કે, સામે કોઈ નિમિત્ત નથી અને આપણે શાંત બેઠાં છીએ, ત્યારે શું ભાવો પણ શાંત થઈ જાય ?

**પરમ ગુરુદેવ:** તમને લાગે કે, તમે એકદમ શાંત બેઠાં છો, પણ તમે પૂર્ણ પણે શાંત નથી હોતા.

ભગવાને કહ્યું છે, સંસારનો એકપણ જીવ એવો ન હોય, જે 48 મિનિટમાં મોહનીય કર્મની બધી પ્રકૃત્તિઓનો ઉદય ન કરે.

તમને લાગે કે, તે વ્યક્તિ ધ્યાનમાં બેઠી છે, એકદમ શાંત ભાવમાં છે, છતાં પણ એના મનમાં ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અદેખાઈ, વિકાર, વાસના, ઈચ્છાઓ બધું જ ઉદયમાં આવતું હોય, પણ એ ઉદય મંદતાનો હોય.

**યોગ મંદ હોય તો ઉપયોગ પણ મંદ હોય.**

ભગવાને મોહનીય કર્મની પ્રકૃત્તિઓને એની તીવ્રતા અને મંદતાના આધારે 4 પ્રકારની બતાવી છે.

તમારો ક્રોધ, તમારો લોભ, તમારો વિકાર, તમારી નિંદા બધાંના 4 પ્રકાર હોય.

અનંતાનુબંધી ક્રોધ એટલે અતિ તીવ્ર ક્રોધ, ભયંકર ક્રોધ અપ્રત્યાખાની ક્રોધ એટલે થોડા ઓછો ક્રોધ, પ્રત્યાખાનાવરણીય ક્રોધ એટલે મંદ પ્રકારનો ક્રોધ, સંજ્વલન ક્રોધ એટલે અતિ મંદ ક્રોધ.

જેવા emotions મંદ થઈ જાય એટલે એની અસર actions પર આવે અને actions પણ મંદ થઈ જાય.

**પ્રશ્ન 3:** ગુરુદેવ! કોઈ પરિસ્થિતિ સર્જાય, ત્યારે ખબર કેમ પડે કે, તે સામેવાળાના કર્મોનો ઉદય છે કે આપણા કર્મોનો ઉદય છે ?

**પરમ ગુરુદેવ:** સામેવાળાના ઉદય હોય કે ન હોય, આપણે આપણા ઉદયને જાણવો

જોઈએ, ઓળખવો જોઈએ.

આપણો ઉદય તો સતત ચાલુ જ હોય છે. જેને શાસ્ત્રોની ભાષામાં 'ધ્રુવ ઉદય' કહેવાય છે. ધ્રુવ એટલે કાયમી ! કેટલીક પ્રવૃત્તિઓનો ધ્રુવ ઉદય ચાલુ જ હોય છે. એને જો નિમિત્ત મળે તો વિપાકમાં જાય અને નિમિત્ત ન મળે તો પ્રદેશમાં જાય. નિમિત્ત મળે અને ઉદય બહાર આવે તો આપણને ખબર પડે છે કે આ નિમિત્ત મળ્યું એટલે આ કર્મનો ઉદય થયો પરંતુ એના નિમિત્તે જ ઉદય થાય છે, એ પણ જરૂરી નથી. કેમ કે, ઉદય તો ચાલુ હોય છે.

આપણો ઉદય અમુક પ્રવૃત્તિમાં, અમુક વિચારોમાં, અમુક ભાવોમાં ચાલુ જ હોય છે, માટે, સામેવાળાનો ઉદય હશે કે નહીં, એવો વિચાર ન કરવો, સામેવાળાનો ઉદય હશે, એવી અપેક્ષા પણ ન રાખવી. હા, સામેવાળાનો વ્યવહાર કે વર્તન એવા કોઈ પ્રકારના હોય ત્યારે માત્ર એટલો જ ભાવ રાખવો. એ જીવ ઉદયને આધીન છે.

**પ્રશ્ન 4:** ગુરુદેવ ! આપે કહ્યું હતું કે, જ્ઞાનનો અહંકાર કરવાથી જ્ઞાનાવરણીય કર્મોનો બંધ થાય છે, હવે જે બુદ્ધિજીવી વર્ગ છે, જે પોતાનો business કરે છે, એમને તો ક્યાંક ને ક્યાંક પોતાની આવડતનું, પોતાના progressનું પ્રદર્શન કરવું પડતું હોય છે, ક્યારેક કહેવું પણ પડતું હોય છે કે, અમારી ક્ષમતા આટલું productions કરવાની છે, તો શું એ જ્ઞાનનો અહંકાર કહેવાય ?

**પરમ ગુરુદેવ:** તમે હંમેશાં mark કર્યું હશે, અમે કોઈપણ વાત કરીએ ત્યારે પરમાત્માની કૃપા છે, ગુરુવર્યોના આશીર્વાદ છે, એમ કહીએ છીએ.

તે businessman છે, પોતાની કોઈ ક્ષમતા, પોતાની બુદ્ધિ કે પોતાની આવડતની વાત કરવી હોય તો તે કહી શકે છે કે, પરમાત્માની કૃપાથી મને આ આવડે છે, ગુરુદેવની કૃપાથી મારી આ ક્ષમતા છે અથવા જેમની પાસેથી શીખ્યા હોય એમના ઉપકાર સ્મરણ સાથે કહી શકાય કે આ મારા teacher એ શિખવ્યું છે, આ મારા fatherનું માર્ગદર્શન છે, આ અમારા ગુરુદેવની પ્રેરણા છે.

આનાથી શું થશે ?

તમારી self અહંકારથી filter થઈ જશે અને પછી પણ કદાચ અહંકાર આવશે તો એનું level બહુ જ down હશે એટલે કર્મબંધ પણ ઓછા થશે.

ઘણાના ભાવ જ એવા હોય, કાંઈપણ પૂછો અથવા કાંઈપણ કહે, એક શબ્દ સાથે જોડાયેલો જ હોય, દેવગુરુની કૃપા છે. એટલે ક્યાંય પણ એનો અહંકાર આવે જ નહીં.

**પ્રશ્ન 5:** ગુરુદેવ ! પુણ્યના બંધથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, એનાંથી જૂના પાપોનો ક્ષય થાય ?

**પરમ ગુરુદેવ:** ના, પુણ્યથી ક્યારેય પાપનો ક્ષય ન થાય. હા, પાપને ક્ષય કરવા રૂપ જેટલાં પણ નિમિત્તો મળે છે, તે પુણ્યથી મળે છે. પુણ્યાનુબંધી પુણ્યનો જ્યારે ઉદય થાય છે ત્યારે પાપોને ક્ષય કરવાના નિમિત્તો મળે છે.

જેમ કે, દેવ, ગુરુ, ધર્મ મળવા, ધર્મ સ્થાનક મળવું, ધર્મનું શ્રવણ કરી શકો એવા સંયોગો મળવા, ધર્મ સમજી શકો એવા યોગ મળવા. એ બધું જ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી મળે છે, પરંતુ બધું મળ્યાં પછી ધર્મ કરવો એ તમારો પોતાનો પુરુષાર્થ હોય છે.

**સંયોગો મળે છે પુણ્યાનુબંધી પુણ્યથી, પણ સાધના થાય છે સ્વયંના પુરુષાર્થથી !**

**પ્રશ્ન 6:** ગુરુદેવ ! એક વ્યક્તિના પુણ્યની અસર બીજા લોકો પર કેવી રીતે થાય ?

**પરમ ગુરુદેવ:** ભગવાને કહ્યું છે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ-આ પાંચ વસ્તુની અસર કર્મો પર થાય છે.

એક વ્યક્તિ મુંબઈમાં રહે છે અને એને જોરદાર અસ્થમાનો attack આવે છે, પણ એ જ વ્યક્તિ જ્યારે દેવલાલી જાય છે, ત્યારે અસ્થમાં ચાલ્યો જાય છે. ક્ષેત્રની અસરના કારણે !

ઘણા કહેતાં હોય છે, અમારા મનમાં કેટલાંય પ્રકારની અશાંતિ હતી, મૂંઝવણ હતી, પણ જેવા ગુરુના સાંનિધ્યમાં ગયા, અમારું મન શાંત-શાંત થઈ ગયું.

કેમ કે, ગુરુના પ્રકૃષ્ટ પુણ્યના અવગ્રહમાં આવવાથી એના પાપકર્મોનું સંક્રમણ થઈ ગયું એટલે મન શાંત થઈ ગયું. માટે જ, ભગવાને વારંવાર સત્સંગ, ગુરુ સાંનિધ્યની પ્રેરણા કરી છે.

અમારો જ અનુભવ છે. અમારા મોઢામાં એટલાં બધાં ulcers થઈ ગયાં હતાં અને અસહ્ય વેદના થતી હતી, પણ તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવે એમના શ્રીહસ્તે એક નાનકડો મિઠાઈનો ટુકડો અમારા મોઢામાં મૂક્યો અને એ જ second બધી જ અશાતા, શાતામાં convert થઈ ગઈ. Ulcers ગાયબ થઈ ગયાં.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવની અસરના કારણે જ ધમધોકાર ચાલતા businessમાં downfall આવી શકે છે, paralysis વાળી વ્યક્તિ normal થઈ શકે છે, beautiful વ્યક્તિ કદરૂપી થઈ શકે છે, આવું કાંઈ પણ થઈ શકે છે.

સંસારમાં રહીને જે સંસારથી વિરક્ત હતા,
વેદના નિહાળી, વહાલની વર્ષા કરવામાં જે પ્રશસ્ત હતા.

અપાર માતૃત્વના ધોધ સંગે પરમાત્મા સમ કરુણાથી છલોછલ હતા,
સહુ જીવને શાતા પમાડવાની ભાવનાથી જે સાચા શ્રમણોપાસક હતા.

દુનિયામાં અર્થનું સર્જન તો સહુ કરે ને, સ્વ અર્થે એનું વિસર્જન કરે
પણ કેટલાક પુણ્યશાળીઓ અન્યની સેવાને વૈયાવચ્ચમાં અર્પણ કરે.

એવા એક સરળ આત્મા જેમાં પરમાત્માનાં ગુણોના અંશ મળે.
માતૃત્વ અને પ્રભુ તત્ત્વનું જેમાં હતું સંયોજન,
એવા હતા ધર્મવત્સલા માતુશ્રી તારાબેન હરખચંદભાઈ કાંકરીયા.

વર્ષો પહેલા જેમનું અસ્તિત્વ આ અવની પરથી વિલીન થયું
પણ યુગો યુગો સુધી પ્રસરતી રહેશે એમની શાસન સેવાની મહેક...

# संपूर्ण चातुर्मास री
## अनुमोदना कर,
## इतिहास सजे...
# सौभागी परिवार!

હાવડા-કોલકાતામાં જૈન હોસ્પિટલનું નિર્માણ કરી ગરીબ દર્દીઓની
સેવા-વૈયાવચ્ચ-સારવારને ઉપચાર દ્વારા અનેકાનેકના જીવનમાં કર્યા ઉપકાર,

તેમજ અનેકો સાધારણ વિદ્યાર્થીને ઉચ્ચ શિક્ષાની પ્રાપ્તિ માટે
schoolનું નૂતનીકરણ કરાવ્યું.

**ધન્ય છે હે માં!** તારી પરમાર્થની ભાવના ધન્યાતિધન્ય છે.

ભામાશા સમી એમની ઉદાર ભાવનાથી
પાલીતાણા આદિ સ્થાનોમાં અનેક ભોજનાલયોને સ્થાપ્યા,


જ્યાં આજે પણ અનેક સંત-સતીજીઓની વૈયાવચ્ચનો લાભ
અને હજારો ભાવિકો સાત્વિક આહારનો લાભ
**40 વર્ષથી વિનામૂલ્ય** લઈ રહ્યા છે.

**ધન્ય છે હે માં!** તારી ઉદાર ભાવના ધન્યાતિધન્ય છે.

જે જિનેશ્વરોની ભક્તિમાં એટલા અનુરક્ત હતા
કે તીર્થંકરોની ભક્તિ કરવી, કરાવવીને અનુમોદનારૂપ
તેઓએ સાત-સાત જિનાલયોના સર્જન કર્યા.

**ધન્ય છે હે માં!** તારી ધર્મ ભાવના ધન્યાતિધન્ય છે.





પ્રતિજ્ઞા કરીને અબજોપતિ 'માં' એ
દર મહિને માત્ર 1500 રૂપિયામાં પોતાનો જીવન નિર્વાહ કરી અન્યને કરોડો આપ્યા.

સગવડો –સાનુકૂળતાઓ છતાંય ક્યારેય દેહને શણગારવા
પાવડર ક્રીમ કે મેકઅપ ન કર્યો એવી સાદગીવાળી શોભાવાળી હતી 'માં'!

જાતભાતના ભેદભાવ વિના રસ્તે મળેલા ગરીબને પોતાના પહેરેલા દાગીના ઉતારી આપી દે,
એવી માનવતા સર્જનારી હતી 'માં'!

સ્થાનકવાસી –દેરાવાસી – તેરાપંથી – દિગંબર જેવા પંથના ભેદ વિના
સર્વની સેવા વૈયાવચ્ચ કરનારી હતી 'માં'!

વર્ષો પૂર્વે નિર્મિત થયેલી ગૌશાળામાં આજે પણ ગૌ મુખે સંભળાય છે નિશ્ચિંતતાને શાતાના સંભારણા.
જીવદયા, કરુણા, પ્રેમ અને વાત્સલ્યથી અબોલ જીવોને શાતા પમાડનારા ધર્માનુરાગી હે'માં'!

તમારા ધર્મ સંસ્કારો શું દઢ હશે કે 8 વર્ષની નાની વયમાં,
તપ ત્યાગના ભાવો કરી, જયારે બાળકો નાની વયે પાણીમાં રમતગમત કરે,
એ બાલ્ય અવસ્થામાં આજીવન કાચા પાણી અને
રાત્રિ ભોજનનો ત્યાગ કરી કરુણાના ઉમદા ભાવોને દર્શાવ્યા.
આજીવન માટે કર્યો ચપ્પલનો ત્યાગને સાદગીમાં સ્મિત સાથે જીવન વિતાવ્યું નિસ્વાર્થ!

## ધન્ય છે હે માં!

## તારી તપ–ત્યાગની ભાવના ધન્યાતિધન્ય છે.

ધર્મપ્રેમ ને સુસંસ્કારોનું તે મારામાં સિંચન કર્યું,
વહાલ તો કદી વઢ થકી તે મારું ઘડતર કર્યું,
**મારા ભાવ છે...**
તારી ધર્મ ભાવના જગમાં ફેલાવી તવ ચરણોમાં ઋણ ધરું!

**પારસધામ ગિરનારમાં,**
**ગિરનાર વંદનમ્ વર્ષાવાસમાં...**
**શ્રી અવંતિભાઈ કાંકરીયાની ભાવભીની ભક્તિ અર્પણમ્!**



**સમગ્ર ચાતુર્માસના લાભાર્થી : શ્રી કાંકરીયા પરિવાર**

Inspired by Rashtrasant Param Gurudev Shree Namramuni Maharaj Saheb

# ARHAM YUVA SEVA GROUP

## ABHAYDAAN ABHIYAAN 2023

**AN OPPORTUNITY**

TO GIFT ABHAYDAAN
TO RESCUE THE VOICELESS
TO BECOME A SAVIOUR!



We not only Save Jeevs but also provide expenses to Panjrapole for their food, shelter and health

## SUPPORT THE SAVED ANIMALS

Protect the Unprotected
Care for the Uncared
Speak Up for the Voiceless


**DONATE NOW**
**www.arham.org**
**₹2000**

**CONTACT : 7666708869**

Email: support@arham.org | /AYSGIndia

## BOOK YOUR PROBOOK

**Buy Probook = Support Education**




A4 Book
**420/dozen**

Long Book
**300/dozen**

**DONATE NOW** www.arham.org

Email : support@arham.org | /AYSGIndia

**Available at Parasdham and Pawandham from 15th June onwards**

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત

# MAHA PASTI ABHIYAAN 10

## PASTI SE PUSTAK

### TOTAL COLLECTION

**1,55,943+ Kgs**









**10TH EDITION OF MAHA PASTI ABHIYAN**
**10TH EDITION OF PASTI SE PUSTAK**

અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા નિયમિત રૂપે પસ્તી દ્વારા જરૂરિયાતમંદ વ્યક્તિઓને વિવિધ સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત અર્હમના સેવકો સમયે-સમયે મહા પસ્તી અભિયાન દ્વારા એક મહિનામાં સૌથી વધુ પસ્તી collect કરે છે અને એ રકમ દ્વારા education સહાય કરે છે.

એક જ મહિનામાં સૌથી વધુ પસ્તી collect કરવા માટે અર્હમ યુવા સેવા ગ્રુપે Limca Books of Recordsમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

મહા પસ્તી અભિયાન-10 અંતર્ગત 1,55,943+ kg પસ્તી collect કરી સેંકડો વિદ્યાર્થીઓને સહાયરૂપ બનશે.

VISIT NOW : www.arham.org I Call : 7666708869

**'મારા કર્મ,'** એક એવો શબ્દ છે જે homeopathyની white pills જેવો છે,
homeopathyની બધી pills દેખાવમાં લાગે તો એક સરખી...
પણ બધાંની અંદરનું content અને powers અલગ અલગ હોય છે.

એમ **'મારા કર્મ'**માં **જ્ઞાનાવરણીય કર્મ** હોય શકે, **દર્શનાવરણીય કર્મ** હોય શકે, **વેદનીય કર્મ** હોય શકે,
**મોહનીય કર્મ** હોય શકે, **નામ કર્મ** હોય શકે, **ગોત્ર કર્મ** હોય શકે, **આયુષ્ય કર્મ** હોય શકે કે **અંતરાય કર્મ** હોય શકે.
મારી આજની સ્થિતિમાં, આ આઠમાંથી કોઇ પણ કર્મ હોય શકે છે.

જો મારા અંતરમાં આ એક શબ્દ **'મારા કર્મ'** અંકિત થઇ જાય તો,
હું ન કોઇ વ્યક્તિને ગુનેગાર માનું, ન કોઇ પ્રવૃત્તિને ગુનેગાર માનું, ન પ્રકૃત્તિને ગુનેગાર માનું!
તો પછી હું કોને ગુનેગાર માનું ?

હું **'મારા કર્મ'** શબ્દ બોલીને સ્વયંને જ ગુનેગાર માનું અને
તે સ્થિતિમાં સમાધાન પ્રાપ્ત થતાં શાંત રહું, સમભાવમાં રહું.
**'મારી સ્થિતિ, મારી પરિસ્થિતિ અને મારા સંયોગોનું કારણ**
**અન્ય કોઇ નહી, 'મારા કર્મ' જ હોય છે.'**

જેવી આ pills લઈ લઉં, એટલે મારા બધાં જ problem solve થઇ જાય !

- સૌજન્ય: ગુરુભક્ત શ્રી મહેતા પરિવાર, ઘાટકોપર, મુંબઈ






**ચિત્રમાં સમાઈ ઈતિહાસની ગર્તામાં ધરબાયેલી ચિરંજીવી ક્ષણ !**

દ્વારકાધિશ મહારાજા શ્રીકૃષ્ણના લઘુબંધુ, અદભૂત રૂપ અને અઢળક ધન સંપત્તિના સ્વામી, 16 વર્ષની યૌવન વયના અત્યંત સુકોમળ એવા રાજકુંવર ગજસુકુમાર, તીર્થંકર પ્રભુ નેમનાથની દેશના સાંભળીને વૈરાગ્ય પામી દીક્ષા અંગીકાર કરે. દીક્ષાના દિવસે જ સાંજના સમયે પ્રભુની આજ્ઞા લઈને મહાકાલ નામની સ્મશાન ભૂમિ પર ધ્યાન સાધનામાં લીન બને.

અને બરાબર એ જ સમયે, લાખો વર્ષ પહેલાં કરેલું એ કર્મ ઉદયમાં આવે જ્યારે, ગજસુકુમારના આત્માએ પૂર્વમાં જેઠાણી સ્વરૂપે પોતાની દેરાણીના નાના બાળક પ્રત્યે ઈર્ષ્યાને વશ થઈ એના કુમળા શરીર પર ગરમ ગરમ બાજરાનો રોટલો મૂકીને એના પ્રાણોની હત્યાનું ઘોર પાપ કર્યું હતું.

સ્મશાન ભૂમિ પાસેથી પસાર થઈ રહેલો સોમિલ નામનો બ્રાહ્મણ, ગજસુકુમારને સાધુવેશમાં જોઈને અત્યંત ક્રોધિત થાય. 'મારી પુત્રી સાથે વેવિશાળ કરનારો, એનો ભાવિનો ભરથાર આ ગજસુકુમાર... મુંડિત સાધુ બની ગયો ! મારી પુત્રીના જીવન સાથે રમત રમી ! ! ! આજ તો બતાવી દઉં એને' આમ વિચારીને અત્યંત દ્વેષભાવ સાથે ધ્યાનસ્થ  મુનિ ગજસુકુમારના મસ્તકે માટીની પાળ બાંધી, સ્મશાનમાં બળતી ચિતાના સળગતાં અંગારા એમાં મૂકે !

અંગારાના કારણે, મસ્તકની એક-એક નસ તૂટવા લાગે, સંપૂર્ણ દેહમાં ભયંકર વેદના થવા લાગે. તેમ છતાં, સોમિલ બ્રાહ્મણ પ્રત્યે અંશમાત્ર પણ ક્રોધિત ન થઈને, સમતાભાવે કારમી વેદનાને સહન કરતાં કરતાં તૂટી રહેલી એક એક નસની સાથે એક એક કર્મને તોડી, આયુષ્ય પૂર્ણ કરી તે જ રાત્રિએ 16 વર્ષના મુનિ ગજસુકુમાર મોક્ષમાં સિદ્ધ ભગવંત સ્વરૂપે બિરાજી રહે !

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2023-2025 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2023-2025
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-6-2023

પારસધામ – ગિરનારના પ્રાંગણે

તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મહારાજ સાહેબના કૃપાપાત્ર સુશિષ્ય

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ આદિ સંતો

તેમજ પૂજ્ય શ્રી પ્રબોધિકાબાઈ મહાસતીજી આદિ મહાસતીજીઓના સાંનિધ્યે

# ॥ ગિરનાર વંદનમ્ વર્ષાવાસ ॥ 2023

## ચાતુર્માસ પ્રવેશ શુભેચ્છા અવસર

25th June | રવિવાર

સ્વાગત યાત્રાઃ સવારે 08:30 કલાકે

સ્વાગત સમારોહઃ સવારે 09:00 કલાકે

એવમ્

## પરમ ગુરુપૂર્ણિમા

હું અને મારા ગુરુ

26th June | સોમવાર | સવારે 09:00 કલાકે

## પરમ મહોત્સવ

| | | | |
|---|---|---|---|
| પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ 12.09.2023 - 19.09.2023<br>ભગવાન મહાવીર જન્મોત્સવઃ 16.09.2023<br>સંવત્સરી મહાપર્વઃ 19.09.2023 | માનવતા મહોત્સવ 24.09.2023 | ભગવાન મહાવીર નિર્વાણ કલ્યાણક<br>તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. જન્મજયંતિ 12.11.2023 | નૂતન વર્ષ મહા માંગલિક 13.11.2023<br>જ્ઞાન પંચમી ઉત્સવ 17.11.2023 |

## આત્મોત્થાન શિબિર

14th - 16th July ❁ 28th - 30th July ❁ 12th - 15th Aug ❁ 1st - 3rd Sept ❁ 21st - 24th Oct

આમંત્રક

પારસધામ, ગિરનાર ચાતુર્માસ સમિતિ

ધર્મવત્સલ શ્રી અવંતિભાઈ કાંકરીયા પરિવાર

પારસધામઃ રૂપાયતન રોડ, ભવનાથ, જુનાગઢ, ગુજરાત–362001

સમગ્ર ચાતુર્માસ તથા પર્યુષણ દરમ્યાન રહેવાની વ્યવસ્થા માટેઃ +91 7303000444

શિબિરની જાણકારી માટેઃ +91 7303000555 • વધુ માહિતી માટેઃ +91 7303000666